# અનુબંધાષ્ટક

## દુલેરાય માટલિયા

મુનિશ્રી સંતબાલજી

મુનિશ્રી નેમિચંદ્રજી

: પ્રકાશક :

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

હઠીભાઈની વાડી, દિલ્હીદરવાજા બહાર,

અમદાવાદ–૩૮૦૦૦૪

# અનુબંધાષ્ટક

દુલેરાય માટલિયા

પ્રેરક માર્ગદર્શક : મુનિશ્રી સંતબાલજી

વિવરણ : મુનિનેમિચંદ્રજી

: પ્રકાશક :

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

હઠીભાઈની વાડી, દિલ્હીદરવાજા બહાર,

અમદાવાદ–૩૮૦૦૦૪

પ્રકાશક :

અંબુભાઈ શાહ
મંત્રી,
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હીદરવાજા બહાર
અમદાવાદ–૩૮૦૦૦૪

શ્રાવણ પૂર્ણિમા, ૨૦૪૧
તા. ૩૦–૮–૧૯૮૫

**કિંમત રૂપિયા પાંચ**

મુદ્રક : મણિભાઈ અંબાલાલ પટેલ
ગુરુકૃપા સેટીંગ વર્કસ
૧૨, અડવાણી માર્કેટ
દિલ્હીદરવાજા બહાર,
અમદાવાદ–૪

# અનુબંધ વિચારધારાનું રહસ્ય

**જેમાં ચાર સંગઠનો દ્વારા ન્યાય, નીતિ, ધર્મ અધ્યાત્મનો પાયો હશે**

આ સંગઠનનો યુગ છે. એટલે સંગઠન વિના નહીં ચાલે. એથી અનુબંધ વિચારધારાનાં જે ચાર સંગઠનો કે ત્રણ સંગઠનો અને ચોથું સંકલન છે તે બધાં ન્યાય, નીતિ, અને આધ્યાત્મિકતાના જ પાયા પર છે. ન્યાયના પાયા પરનું રાજ્ય સંગઠન, નીતિના પાયા પરનું જનસંગઠન, ધર્મના પાયા પરનું સેવક સંગઠન અને આધ્યાત્મિકતાના પાયા પરનું સંત સંકલન. આમાં નિઃસ્પૃહી અને મરીમટનારાં ક્રાંતિપ્રિય સાધુ સાધ્વીઓ સર્વોપરી રહેવાનાં.

**જેમાં પરિસ્થિતિ અને પરિબળોનું પરિવર્તન કરવું પડશે**

આજનું જગત વિજ્ઞાને ટૂંકું બનાવ્યું છે. એટલે આ ચારે સંસ્થાઓએ કે સંગઠનોએ આખાયે વિશ્વની માનવજાતને નજર સામે રાખી ચાલવું પડશે. જેમ રામાયણ કાળમાં વાલીના ભોગવાદી અને રાવણના અશુદ્ધ સાધનવાદી પરિબળોને રામે ગૌરવહીન બનાવવા ઉપરાંત તે પરિબળોની નેતાગીરી સમૂળી બદલીને યોગ્ય હાથમાં મૂકી હતી તેમ આજે દેશમાં અને દુનિયામાં જામી પડેલા રામરાજ્ય વિરુદ્ધ પક્ષનાં (ભોગવાદી અને અશુદ્ધ સાધન-વાદી) રાજ્ય સંગઠનો સામે સંઘર્ષમાં આવી એ બધાંને લોક શ્રદ્ધાના અહિંસક માર્ગથી હઠાવી ગૌરવહીન બનાવી મૂકવા જોશે તેમ જ નેતાગીરી યોગ્ય હાથમાં મૂકવાનું પણ ક્યાંક ક્યાંક કરવું પડશે.

**જેમાં ચાર સંગઠનોનું અનુસંધાન અને અનુક્રમ રચવો પડશે**

આ લોકશાહી રાજકરણના જમાનામાં નીચેના ક્રમ અને અનુસંધાન ચાલુ અને પ્રભાવશાળી રહે તે માટે (૧) શુદ્ધ રાજ્ય સંસ્થા (૨) તેની ઉપર જનતાના નૈતિક પાયાવાળી સંસ્થા

(૩) તેની ઉપર વળી સર્વાંગીણ જનસેવકોની સંસ્થા અને તેના ઉપર ક્રાંતિપ્રિય સાધુસંતોનું માર્ગદર્શન રાખીએ છીએ.

**જેમાં સંત સેવકોમાં અભિનવ ઘડતરની તાલીમ ગોઠવવી પડશે**

શુદ્ધ અને વ્યાપક ધર્મના તત્ત્વને અનુબંધ વિચારધારામાં પળે પળે જોવા અને જાળવવાની ગંભીરપણે જરૂર પડતી હોય છે આથી જ એને વિશ્વવાત્સલ્ય ધ્યેયવાળી ધર્મમય સમાજરચના પણ કહી શકાય. આમાં આપણે સત્યશ્રદ્ધા અને બ્રહ્મચર્યવ્રત પર વધુ પડતું વજન આપીએ છીએ. એટલું જ નહીં પણ બલકે બ્રહ્મચર્યનાં રસ તરબોળ નવાં મૂલ્યો તરફના સક્રિય પ્રયોગનું જોખમ પણ ખેડીએ છીએ. આમાંથી જ પરિગ્રહ, પ્રાણ અને છેવટે જામી પડેલી પ્રતિષ્ઠા હોડમાં મૂકી દેવાની મરજીવાવૃત્તિ અને ઉદારતાભર્યા કટ્ટર સત્યાગ્રહીની શક્તિ જન્મે છે. આ દૃષ્ટિએ નિસર્ગ નિર્ભર શ્રદ્ધા કેળવવા સંન્યાસી કે સાધુ સાધ્વી માટે માધુકરી અને પાદવિહાર અનિવાર્ય બને છે. આમ જોતાં આવાં સાધુસાધ્વી જૈન સમાજમાંથી મળવાનાં. તે સમાજની પાસે તપ ત્યાગ અને સંયમનો પરંપરાગત વારસો હોવા છતાં સત્યશ્રદ્ધા અને મરજીવાપણાની નિર્ભયતામાં છેલ્લા કાળે કાચાં પડ્યાં હોઈ તે બધાંનું અભિનવ ઘડતર કરવું પડશે.

આ દૃષ્ટિએ આંતરરાષ્ટ્રીય કેન્દ્રમાં સાધુસાધ્વીઓ, બ્રહ્મચારી-બ્રહ્મચારિણીઓ, પીઢનરનારીઓ, અને નવી પેઢીમાંના બાળકોમાંથી વિશ્વમાનવો તૈયાર કરવાની અભિનવ તાલીમ ગોઠવવી પડશે જેમાં વિદેશની સુસભ્યતા લેવા ઉપરાંત સામુદાયિક અહિંસાના પ્રયોગો વાટે સુસંસ્કૃતિનું રસપાન કરતાં પણ શીખી લેવું પડશે.

**જેમાં સમાજ દ્વારા સમાજ બદલવાની હવા ઊભી કરવી પડશે**

આપણે સૈદ્ધાંતિક કોંગ્રેસને અનુબંધ વિચારધારામાં રાજકીય સંસ્થા તરીકે નિશ્ચિત સ્થાન પ્રથમથી છેવટ સુધી આપ્યું છે.

સ્વરાજ્ય પછી તે સંસ્થા પણ સત્તા લાલસા તરફ ઢળતી ગઈ છે. એ સંસ્થાને શુદ્ધ–સંગીન અને આંતરરાષ્ટ્રીયક્ષેત્રે કામ કરતી કરવા માટે રાજકીયક્ષેત્ર એટલે પાર્લમેન્ટરી કાર્યક્રમને તે પાર પાડવાની જવાબદારી સિવાયના આર્થિક સામાજિક સાંસ્કૃતિક તેમ બધાં ક્ષેત્રો કોંગ્રેસે છોડવાં પડશે. તે જો સંસ્થાઓ ન છોડે તો નૈતિક જનસંગઠનોએ એની પાસેથી આંચકી લેવાં પડશે. રાજકીય-ક્ષેત્રે દેશમાં અને દુનિયામાં બિનઆક્રમકતાવાદ, બિનકોમવાદ, આદિપંચશીલમાં મક્કમ થવું પડશે અને રાજ્ય દ્વારા સમાજ બદલવાની વાત છોડીને સાધનશુદ્ધિનો ભરપૂર આગ્રહ રાખી સમાજ દ્વારા સમાજ બદલવાની વાત કરવી પડશે.

પાર્લમેન્ટરી બોર્ડે ૧૯૫૭ના ઓકટોબરમાં સહકારી, સાંસ્કૃતિક ક્ષેત્ર કોંગ્રેસે ન પડવાનો ઠરાવ કરેલો. કરેલ ઠરાવ ન સ્વીકારાય તો ભાલનલકાંઠા પ્રયોગ અન્વયના નૈતિક ગ્રામસંગઠનોનાં મુખ્ય અંગ ખેડૂતમંડળોએ ગ્રામ કોંગ્રેસ **રચી** અને આજની કોંગ્રેસ કામ શરૂ ન કરે ત્યાં સુધી વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ એ કામ શરૂ કરી સાધન શુદ્ધિ અને સમાજ દ્વારા સમાજ બદલવાની હવા ઊભી કરશે.[1]

## 'જેમાં પ્રજા દ્વારા ક્રાંતિ; રાજ્ય દ્વારા નહીંનહી" જેનું સૂત્ર મોખરે હશે

હમણાં જ્યારે ચોમેરથી રાષ્ટ્રીયકરણની બૂમ ઊઠી છે ત્યારે 'પ્રજાદ્વારા ક્રાંતિ રાજ્ય દ્વારા નહીં નહી" એ સૂત્ર વિચારવાયોગ્ય છે રાજ્ય દ્વારા જ્યારે રાષ્ટ્રીયકરણ થાય છે ત્યારે રાજ્ય માલિક બને છે અને પ્રજા ગુલામ બને છે અને પ્રજાની દરેક વ્યક્તિને અનુકૂળ ધંધો મળી શકતા નથી અને મળે તો પણ સ્વમાન અને ન્યાય જળવાતાં નથી. આપણા દેશમાં પરદેશી રાજ્ય હતું. ત્યારે

---

**૧. ૧–૩–૧૯૬૯. વિશ્વવાત્સલ્ય**

એણે જે રાજકર્તાઓની મહા ફોજ તૈયાર કરી હતી એણે પ્રજાને હંમેશ ગુલામ રાખી હતી. સ્વરાજ્ય બાદ એ.ના તરફની પ્રજા ફરિયાદ વધી છે, ઘટી નથી. હવે જો રાષ્ટ્રીયકરણ થાય તો આ ફોજ ઘણી વધી જાય. લાંચરુશ્વત, તુમારી લંબાણ, કર્મચારીના સંગઠનનાં દબાણ દ્વારા મોંઘવારી ભથ્થાં અને વેતન વધારાની હારમાળા અને બીજાં ઘણાં અનિષ્ટ પાંગરે. જે જે બાબતમાં રાષ્ટ્રીયકરણ થયું છે ત્યાં સડાનો પાર નથી. બસની દશા જુઓ! છે કોઈ કર્મચારીને જવાબદારીનું ભાન! બ્રિટન રાજ્યમાં રાજાશાહીનો કડપ હતો ત્યાં લગી તો કાંઈકેય ઠીક હતું- આજે તો લાંચનો સડો એટલી હદે વ્યાપ્યો છે કે એક અદનો ચપરાશી પણ લાંચ લીધા વિના પ્રજાના પ્રતિનિધિ એવા મંત્રીઓની મુલાકાત પણ લેવા દેતો નથી. જ્યાં ચોમેર ધન અને સત્તાની લાલચનું વાતાવરણ હોય ત્યાં આનાથી બીજું પરિણામ આવી શકે જ નહીં. મતદાત્રી એવી પ્રજાનો મહિમા મુખ્ય રાખવો હોય તો પોતે ચૂંટેલા પ્રતિનિધિ ઉપર અને કર્મચારી પર પ્રજાનો કાબૂ અખંડપણે રહેવો જોઈએ. આવું તો જ બની શકે જો પ્રજાસંગઠનોનો રાજ્ય અને રાજ્ય કર્મચારી પર નૈતિક પ્રભાવ હોય! પ્રજાના હૃદયમાં આવી અખૂટ શક્તિ ભરેલી છે જ તે તો ગાંધીજીની રાહબરી નીચે સામુદાયિક અહિંસાના ચમત્કારથી સ્વરાજ્ય પ્રાપ્ત કરી દુનિયાને બતાવી આપેલ છે. એટલે જો ભારતની નેતાગીરી એકવાર નિશ્ચય કરી લે કે પ્રજા દ્વારા પ્રજાક્રાંતિ કરવી છે તો ઘણી સહેલાઈથી ભારતમાં અને ભારત દ્વારા દુનિયામાં આ વિચાર પહોંચી શકશે. જ્યાં લગી રાજ્ય દ્વારા જ આયોજનનું કામ ચાલશે ત્યાં લગી પ્રજાને આત્મીયતા લાગવાની નથી. આ માટે રાષ્ટ્રીયકરણનાં અનિષ્ટ અને મૂડીવાદના મુક્ત સાહસ અને મુક્ત નફાના શોષણથી મુક્ત આર્થિક સામાજિક અને નૈતિક પાયા પર દેશના બધા પ્રશ્નનું સામાજિકરણ થાય તે હેતુથી નૈતિક અને

ધાર્મિક પુટવાળાં પ્રજાસંગઠનોનાં હાથમાં દેશ અને દુનિયાનું સુકાન સોંપાઈ જવું જોઈએ. દુનિયામાંના ભૌતિકવાદે પોતાનો પંજો સર્વત્ર ફેલાવ્યો છે તેની અસરથી ભારત મુક્ત નથી રહી શક્યું. પરંતુ તે અસર હજુ તેના આત્મા સાથે ઓતપ્રોત નથી થઈ ત્યાં લગી ઉગરવાનો આરો છે અને દુનિયાને ઉગારવાનો ઉપાય પણ તેમાં રહેલો છે. જો ક્રાંતિનો અર્થ કેવળ બળપૂર્વકનો બળવો નહીં પણ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાની ભાવનામાં પ્રગતિ છે તો પછી તે ભાવના ચરિતાર્થ કરવા સત્ય અહિંસા અને આધ્યાત્મિકતા જોશે જ અને એ કદી પ્રજા ચેતનાના સહયોગ વિના સાંપડી શકે નહીં. એ સહયોગ પ્રાપ્ત કરવા કોંગ્રેસ જેવી રાજકીય સંસ્થા પાસે કેવળ પાર્લામેન્ટરી ને વહીવટીસત્તા રાખી આર્થિક સામાજિક શૈક્ષણિક સાંસ્કૃતિક અને નૈતિક ઘડતરના કાર્યનું સુકાન જે તે નૈતિક અને ધાર્મિક પુટવાળાં પ્રજાસંગઠનોનાં હાથમાં સોંપાઈ જવું જોઈએ. એ વાત રાજકીય સાહસ કરીને પણ કોંગ્રેસ પોતાના હૈયે ધરવામાં પહેલ કરશે ખરી ?[1]

## જેમાં આર્થિક સામાજિક અને નૈતિક ક્રાંતિ એકી સાથે થશે

મહાત્મા ગાંધીજીએ સ્વરાજ્ય મળ્યા બાદ હવે આર્થિક સામાજિક અને નૈતિક ક્રાંતિ એકી સાથે કરવાનું દેશને આહ્વાહન કર્યું તે બાબત હવે ગંભીરતાથી વિચાર્યા વિના છૂટકો નથી.

## ગ્રામાભિમુખ અર્થતંત્રના પાયાનું એકમ ગામડું

શરૂઆતમાં દુનિયાના અર્થતંત્ર સાથે ટકવા ઔદ્યોગિક આરંભ–જરૂરી હશે પરંતુ હવે ભારતીય અર્થતંત્રને ગ્રામાભિમુખ બનાવ્યા વિના છૂટકો નથી. ભારતની એંસી ટકા વસ્તી ગામડામાં વસતી હોય છે. જો ગ્રામઅર્થતંત્ર સદ્ધર બનશે તો ભારતની પ્રજા પણ સદ્ધર અને સમૃદ્ધ આપોઆપ બની જવાની. અર્થતંત્ર સાથે

---

૧. વિ.વા. ૧-૩-૧૯૬૪

વ્યાપક ધર્મભાવના કે આધ્યાત્મિકતાનો સંબંધ કરાવવા માટે એના અર્થતંત્રના પાયામાં ગામડું રાખવું પડશે.

## સામાજિક પાયો પારિવારિક

ભારતીય સમાજનો પાયો દૃઢ અને વિશાળ દૃષ્ટિકોણવાળો હશે. ભારતના ગામડામાં (૧) સર્વધર્મ સમન્વય (૨) સર્વ જ્ઞાતિઓ સાથેના આત્મીય સંબંધો (૩) કુટુંબ પારિવારિક જીવનની સ્નેહભાવના સભર ગામ પરિવારની ભાવના, ભારતીય ગામડામાં હજી પણ મોટેભાગે અકબંધ છે. સ્વરાજ્ય પછી આખા દેશે ગ્રામાભિમુખતા રાખવાની અને એકતા એકાગ્રતા જાળવી ગામડાની વ્યાપક પારિવારિક ભાવના અકબંધ રાખવાની વાત જાળવી રાખી નહીં તેથી ગામડાને વિશાળ દૃષ્ટિકોણવાળા બનાવવાનું કામ ખોરંભે પાડયું. જો ગામડાનો વ્યાપક પારિવારિક ભાવ અને વિશાળ દૃષ્ટિકોણ ઘડવામાં આવશે તો એમાંથી સમાજના અંગના એક પાયારૂપ રાજકારણ પણ આપોઆપ વિશુદ્ધ બની જશે.

## નૈતિક પાયા પર ગ્રામ ઘડતર

કાયમી નૈતિકતા તો જ ટકી શકે જો નૈતિકતાનું મૂળ વ્યાપક ધર્મભાવનામાં અથવા સક્રિય આધ્યાત્મિકતામાં હોય. નિસર્ગ શ્રદ્ધા અને, વ્યાપક ધર્મભાવનાની વસ્તુ આપણને ભારતીય ગામડામાં વધુમાં વધુ અને સહેજે સાંપડે છે. અલબત્ત આજની ગ્રામ નેતાગીરી દાંડ તત્ત્વોનાં, કે પૂંજીવાદી અને રાજકીય સત્તાવાદીના જોડાણવાળા અખાડાના હાથમાં છે. તે નેતાગીરી જ્યાં લગી ત્યાગપ્રિય, શ્રમપ્રિય, પ્રમાણિકતાપ્રિય. કુદરતનિષ્ઠ ભોળા ભદ્રિક અને શ્રમજીવીઓના હિતની ખેવનામાં લક્ષ્ય રાખનાર ગામડિયાઓના હાથમાં નહીં આવે ત્યાં લગી, ગ્રામઅર્થતંત્ર, સામાજિક પાયો અને નૈતિક પાયો પણ સાચી દિશામાં જેટલા પ્રમાણમાં ખીલી નીકળવો જોઈએ તેટલો તે નહીં ખીલી

ઊઠે. આખરે રાજકીય સફળતાનો સાચો આધાર આર્થિક સામા-અને નૈતિક બળ છે. તે ભારતીય ગામડાં તેમ જ એના કેન્દ્રમાં ટ્રસ્ટીશિપવાળા ખેડૂતનાં દિલ સિવાય બીજે કયાં છે?"[1]

**જેમાં ક્રાંતિ પ્રિય સંતો માર્ગદર્શન માટે આગળ આવશે**

ધર્મપ્રધાન આ દેશમાં સમાજપરિવર્તન ધર્મ મારફત થઈ શકશે. ગાંધીજીએ પણ સત્ય અહિંસારૂપ ધર્મ મારફત સમાજ-પરિવર્તન અને પરિસ્થિતિ પરિવર્તનની શરૂઆત કરેલી. વિજ્ઞાને સમસ્ત જગતને સાવ નિકટ લાવી મૂકયું છે એટલે હવે એવું જ એક માધ્યમ લેવું પડશે કે જેમાં આખુંયે માનવજગત અને માનવજગતનાં સમગ્ર ક્ષેત્રો આવી જાય. આ કામ ધર્મના માધ્યમ સિવાય થઈ શકે તેમ નથી. આજે બધાય મુખ્ય ધર્મોમાં અનેક ફાંટાઓ પડી ગયા છે અને દરેક મુખ્ય ધર્મમાં પણ સાંપ્રદાયિક સંકુચિતતા વગેરેનો થર જામ્યો છે. એમ છતાં વિકૃતિઓ અને અનિષ્ટોથી અળગાં કરીને બધા ધર્મોનો ક્રમપૂર્વક સમન્વય સાધવો પડશે તો જ પ્રાણીમાત્રને શાંતિ પહોંચશે અને સમસ્ત માનવજાત હાર્દિક એકતાથી સંધાશે. વ્યકિતગત અને સમુદાયગત જીવનમાં ધર્મ વણાઈ જશે. આમ સર્વધર્મ સમભાવ કે મમભાવ રાખી વટાંતરની પ્રક્રિયાનો સંપૂર્ણ ત્યાગ કરી ક્રાંતિપ્રિય સંતોએ વ્યક્તિ-ગત સાધનાના આધ્યાત્મિક ઝોકને સમાજગત સાધનાના આધ્યાત્મિક ઝોક તરફ વાળવો પડશે. આ માટે ગાંધીશ્રદ્ધાને પાયામાં રાખી લોકશ્રદ્ધા એક બાજુ સજીવન કરવી પડશે, ધર્મમાં જામી પડેલી ધનપ્રતિષ્ઠાને તેઓએ તોડવી પડશે, નીતિ ન્યાય અને સાધનશુદ્ધિને જ દરેક સ્થળે પ્રતિષ્ઠા આપવી અપાવવી પડશે. તેમણે પોતાના દૃષ્ટિબિંદુને વિશ્વવિશાળ બનાવવું પડશે. અને દરેક ક્ષેત્રમાં સત્ત્વલક્ષી પરિબળોને પરસ્પર પોતપોતાને

---

૧. વિ.વા. ૧૬–૯–૭૨

સ્થાને રાખી સાંકળવાં પડશે. આથી સંપ્રદાયોને સંગીન અને શુદ્ધ રાખી વધારે ને વધારે ઉદાત્ત ધ્યેય તરફ ગતિશીલ બને તે રીતે ટકાવવાં પડશે. ગાંધીજી કહેતા હતા, લોકસેવકરૂપે કોંગ્રેસ બની જાય જેથી આર્થિક સમાજિક અને નૈતિક ક્રાંતિનું મહાન કાર્ય તે કરી શકે. પણ પરિસ્થિતિવશ તે ન થઈ શક્યું અને કોંગ્રેસે લોકશાહી સમાજવાદની વાત લઈ બધાં ક્ષેત્ર સત્તા દ્વારા ચલાવવાનો રાહ લીધો એટલે શુદ્ધતા અને સંગીનતા ખોવાઈ અને સડો વધ્યો. એમ થતાં હજુ જો કોંગ્રેસને શુદ્ધ અને સંગીન રાખવા ગ્રામાભિમુખ બનાવાય, સાધનશુદ્ધ અને લોકાભિમુખતાને વળગી રહે તો કોંગ્રેસી રાજતંત્ર દેશ અને દુનિયામાં લોકલક્ષી લોકશાહી લાવી શકે ખરું. આ જ દૃષ્ટિએ ભાલનળકાંઠા પ્રયોગમાં રાજકીય ક્ષેત્રે એક માત્ર કોંગ્રેસનું અનુસંધાન રાખેલ છે.

એ જ રીતે ગાંધીજી ઇચ્છતા હતા તેમ લોકસેવકસંઘનું સંગઠન કરી તેમની સાથે સાધુસંતો ને સતીઓ સંપર્ક વધારી ધર્મદૃષ્ટિએ સમાજરચવામાં તેને પોતાનાં પૂરક હાથપગરૂપે બનાવી તેની પાસેથી આર્થિક સામાજિક શૈક્ષણિક, સાંસ્કૃતિક ક્ષેત્રને ઘડવા તથા નૈતિક દોરવણી આપવાનું કામ લેવું પડશે. આ ક્ષેત્રો કોંગ્રેસ કે રાજકીય પક્ષો ન છોડે તો તેની પાસેથી આંચકી લેવાં જોઈએ. કામ ઘણું કઠણ છે એ માટે પ્રાણ, પરિગ્રહ અને પ્રતિષ્ઠા હોમનાર લોકોએ આગળ આવવું પડશે અને રાજકીય આર્થિક સામાજિક ધાર્મિક એમ લોકક્ષેત્રમાં જે બગાડ પેઠો છે તે દરેક અહિંસક સાધન દ્વારા સાફ કરવો પડશે. ધર્મપ્રધાન ભારત દેશમાં ધર્મના થાંભલા રૂપે ક્રાંતિપ્રિય સંતો સિવાય છેલ્લું માર્ગદર્શન બીજા કોઈ નહીં આપી શકે. તેઓ ગાંધીવિચારને પાયામાં રાખીને લોકશ્રદ્ધાને સજીવન કરશે તો ગામડું, પછાત વર્ગો અને સન્નારીઓ તેની વાત ઝીલી લેશે.

**જેમાં પ્રાયોગિક સંઘો પ્રયોગબીજ જતનથી જાળવશે**

દેશ અને દુનિયાનો સૂર જોઈએ તો તે માનવજાતની અભિનવ સમાજરચના તરફ છે. સાથોસાથ રાજ્ય ગૌણ અને પ્રજા મુખ્ય રહે તે વલણ સર્વસામાન્ય થતું જાય છે. અભિનવ માનવરચના માટે આપણે ધર્મદૃષ્ટિએ સમાજરચના શબ્દ વાપરીએ છીએ. ગાંધીજી અહિંસક સમાજરચના, કોંગ્રેસ સમાજવાદી સમાજરચના સર્વોદય સમાજરચના કે શોષણવિહીન શાસન, નિરપેક્ષ સમાજ-રચના રચનાત્મક કાર્યકરો જેને કહે છે તે એક જ વાત છે. નાઝી-વાદ, ફાસીવાદ, બોંબનિર્માણ કે એકહથ્થુ સરમુખત્યારી પ્રત્યે પ્રજામાં ઘૃણા વધી ગઈ છે અને સામ્યવાદી સુધ્ધાં વિશ્વશાંતિ તરફ આક-ર્ષાયા છે. ગાંધીજીએ સામાન્ય આમજગતમાં પડેલી અહિંસાની મહાશક્તિ જો વ્યવસ્થિતપણે સંકલિત થાય તો તપ ત્યાગ દ્વારા અહિંસક સમાજરચના સુશક્ય છે એની માનવજાતને ખાતરી કરાવી દીધી છે. આ સંકલનમાં ગાંધીજીની એક પાંખ કોંગ્રેસ બીજી પાંખ રચનાત્મક કાર્યકરો, અને ત્રીજી પાંખ જનસંગઠનની હતી તેમાં મજૂર મહાજનો એ યુગે થયાં હતાં. ગાંધીજીએ આ ત્રણેય પાંખને પોતાની કક્ષાએ સાંકળવાનો પ્રયાસ કર્યો હતો. આ અધૂરો રહેલો ગાંધી પ્રયોગ જ્યાં સુધી વ્યાપક પ્રમાણમાં આગળ ન વધે ત્યાં લગી દેશ અને દુનિયાની આશા પૂરી થાય શી રીતે? સાચી અને સર્વાંગી ક્રાંતિ સત્ય અને અહિંસા સિવાય થઈ શકતી નથી. તેમાં પળેપળ લડવાનું આવે છે પણ જેની સાથે લડીએ તેના દિલમાં ક્રાંતિકારની સચ્ચાઈ સંબંધી શંકા ઊભી ન થાય અને જેની સામે લડીએ તેના હૃદયમાં પણ ક્રાંતિકાર પ્રત્યે પ્રેમ રહે એવી ચોકસાઈ રાખ-વાની હોય છે. સાથોસાથ ક્રાંતિને સહાય કરતી સંસ્થાઓ સાથેનું અનુસંધાન જાળવવાનું હોય છે. આ બધો ખ્યાલ રાખી ભાલનળ-કાંઠા પ્રયોગ મહાવીર અને ગાંધી પરંપરાના સમન્વયથી ગુજરાતના

ગામડામાં ઊભો થયો છે અને પ્રયોગમાં મુખ્યપણે વ્યક્તિ તરીકે માર્ગદર્શક હું છું. આવા ભગીરથ કામ માટે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ ગાંધીવ્રતો અને જૈનવ્રતોના સુમેળ ઉપર ઊભો છે. પ્રથમ ગાંધીજીના તપોબળને કારણે લોકસેવકો અને જનતામાંથી ભાવુક સહાયકો સારી રીતે મળ્યા હતા. શરૂઆતમાં તો માનવીય મૂલ્યનું ઘડતર કરવાનું હોય છે અને માનવીના મગજને ભમાવી દઈ એલફેલ તરફ લઈ જતા (૧) દારૂ (૨) માંસાહાર (૩) શિકાર (૪) ચોરી (૫) અનીતિની કમાણી (૬) વ્યભિચાર અને (૭) જુગારના મહાવ્યસનમાંથી પ્રજા સમજણપૂર્વક સ્વેચ્છાએ મુક્ત થાય તેવું નૈતિક વાતાવરણ ઘડવું પડે છે. શ્રમજીવીઓનું વ્યવસ્થિત ઘડતર કરવા માટે આવી ધાર્મિક નૈતિક મૂલ્ય ઘડનાર સંગઠન અનિવાર્ય અને આવશ્યક છે. આવો સંઘ ધનિકો અને સરકાર પાસેથી સહાયતા અને રાહતો મેળવી ગ્રામસમાજને ઘડે ને બેઠો કરે છે પણ મૂડીવાદી કે ધનિકોનાં ધન ને સત્તાને અપાતી પ્રતિષ્ઠા સામે, સત્તાકાંક્ષી તત્ત્વો કે કોમવાદ જ્ઞાતિવાદની સંકુચિતતા સામે ઝઝૂમી લેશે અને સત્ય અહિંસાની, તપ ત્યાગની પ્રતિષ્ઠાને જ લોકવ્યાપી બનાવે છે. તે તાદાત્મ્ય તેમ જ તટસ્થતા અને આયાસ અનાયાસનો મેળ પાડીને આગળ વધે છે આથી પ્રાણ, પરિગ્રહ અને પ્રતિષ્ઠા હોમવા પ્રસંગે પ્રસંગે તે તત્પર રહે છે. ઓછું ભણેલ છતાં હૈયાસૂઝ ધરાવનારાં ગામડાં, કસબા અને નગરોનાં ખેડૂત, પાછળ રહી ગયેલ પછાત વર્ગ અને નારીજાતિનો આ પ્રયોગનાં મૂલ્યો સાચવવામાં ઘણો મોટો સાથ સાંપડ્યો છે. તેમાંના કેટલાક તો રત્ન સમા ઉજળા છે. જે કોંગ્રેસ સંસ્થાની શુદ્ધ અને સંગીનતા કરાવવામાં અને પૂરક બનવામાં નૈતિક ગ્રામસંગઠનોએ જાત અને જાન ઘસી નાખ્યા છે તે જ કોંગ્રેસને પંચાયત, સહકારીપ્રવૃત્તિ ને શિક્ષણક્ષેત્રને રાજકીય પકડમાંથી મુક્ત રાખવા સંઘર્ષ, સતત સંઘર્ષ કરી લોકશાહીને

લોકલક્ષી બનાવવા સંઘો મથે છે. આ સંઘર્ષમાંથી ધીરે ધીરે ઘણા સેવકો સરી ગયા છે. પણ આંગળીને વેઢે ગણાય તેટલા રહ્યા છે. તેમને લીધે જ ભાલનળકાંઠા પ્રયોગરૂપી લેબોરેટરીનાં બીજ જતનપૂર્વક જળવાઈ રહ્યાં છે. વિશ્વમાનવોને દિલથી સાંધી માનવનું અને જગતનાં સમસ્ત પ્રાણીનું કલ્યાણ સાધવા માટે આજે એકલા સમન્વયથી નહીં ચાલે પણ પારસ્પરિક એકાત્મતા જોશે. એ માટે આ ચાર સત્યો, કે બીજકો સમજીને આચરવાં જરૂરી છે (૧) નીતિના પાયામાં ગ્રામસંગઠન (૨) સંગોપાંગ શુદ્ધિ (૩) અનુબંધ અને (૪) અહિંસક પ્રતિકાર. ગુજરાતથી જે પ્રયોગ આદર્યો અદારાવ્યો છે તેને આખા વિશ્વ સાથે અનુબંધિત કરવાનો સમય પાકી ગયો છે. આજે જો શુદ્ધિના પાયા પર વિશ્વાનુબંધિત એવા જનતા અને જનસેવકોનાં સંગઠનો બને તથા મૂલ્યરક્ષા માટે જરૂર ઊભી થતાં ઠેકઠેકાણે સામૂહિક અહિંસક પ્રતિજ્ઞા અચરાય તો જગતનો સાચા છતાં દબાઈ ગયેલાં માનવમૂલ્યોને જરૂર બહાર લાવી શકાય અને તે દ્વારા વિશ્વશાંતિ લાવી શકાય. આજે જગતના ખેડૂતો અને મજૂરો વિશ્વસંગઠન માટે આતુર છે પણ શુદ્ધિનો નૈતિક પાયો મજબૂત ન હોય તો તે નકામાં નીવડે. મજબૂત નૈતિક સંગઠનો પણ પરસ્પર અનુબંધિત જોઈએ. વિશ્વશાંતિ અને લોકશાહી તો જ સફળ થાય જો લોકોની શકિત દિનપ્રતિદિન સાચી દિશામાં વધતી જાય. છેલ્લામાં છેલ્લા માણસનેય તેનાથી જે આગળ છે તે સૌ તરફથી રોજી, રોટી, સલામતી અને શાંતિની બાંહેધરી મળી જાય. આ તો જ બની શકે જો નાનામોટા બધા પ્રશ્નોનો ઉકેલ પ્રજા, પ્રજાસેવકો, અને સંતોનો સુયોગે સત્ય અહિંસાના પ્રયોગો ચાલ્યા કરે અને રાજકીય સંગઠન અને રાજતંત્રના બધાંય અંગો નમ્રભાવે તેને સહાય આપે. પ્રાયોગિક સંઘો આ કાર્ય અને સદબીજનું જતન કરી તેને જાળવે છે.

## જેમાં નૈતિક ગ્રામસંગઠનનો લોકનીતિનું ઘડતર કરશે

ધર્મદૃષ્ટિએ સમાજરચના કે ગાંધીજીની કલ્પનાની અહિંસક રચના માટે નૈતિક ગ્રામસંગઠન અનિવાર્ય છે. આવાં સંગઠનોમાં જ્યાં જ્યાં રાજકારણીય કે અર્થકારણીય લક્ષ્ય રખાયાં ત્યાં ત્યાં સંઘર્ષમાં તે ટાંચાં પુરવાર થયાં છે. એટલે જો ધર્મભાવના અને સક્રિય અધ્યાત્મનાં બળ ઉપર મજબૂત નૈતિક પાયો હોય તેવાં ગ્રામસંગઠનો રચાય તો પંચાયત ક્ષેત્ર, સહકારી ક્ષેત્ર, તેના પ્રતિનિધિઓ મોખરે રાખી શકશે અને પક્ષીય રાજકારણને પણ તે ક્ષેત્રથી મુક્ત રાખી શકશે. ભાલનળકાંઠા ખેડૂત મંડળે મારા માર્ગદર્શન અને પ્રાયોગિક સંઘની દોરવણી નીચે ખેડૂત અને ગામડાને લગતા પાયાના બધાય પ્રશ્નોની નૈતિક દૃષ્ટિએ છણાવટ કરી છે.

નૈતિક ગ્રામસંગઠનનો પાયો ભય કે લાલચ પર નહીં પણ ધર્મ ને નીતિ પર છે એથી જે ગામમાં સૌથી પાછળ છે ગરીબ છે તેને પણ આગળ લાવીને તેના વ્યક્તિત્વને વિકસાવવા માગે છે તેવી સમજણથી મોટા ગણાતા ખેડૂતો પોતાની બધી શક્તિ સંપત્તિનો સમાજના હિતમાં ઉપયોગ કરતા થાય તો લાંબાગાળાના હિતની દૃષ્ટિએ હિતકર છે. એના સંગઠનોએ ઠરાવ કર્યા છે કે –

(૧) કુટુંબની આજીવિકા માટે ઉત્પાદનના સાધન પૂરતી જમીન માટે ખેડૂતને નચિંત કરવો. એટલી માલિકીહક્કની મર્યાદા બાંધ્યા પછી વધારાની જમીન હોય તે સ્વેચ્છાએ ફાજલ પાડી ગામના ગરીબોને તે આપે ને પોતાની માલિકીની જે જમીન રહે તે નચિંતતાથી ખેડવે. (૨) કારખાનાં, રસ્તા, તળાવ કે બંધોમાં જતી જમીનનું વળતર જમીનરૂપે જ મળે. (૩) ખાનાર અને ખેડનારને પોષાય તેવા અનાજના ભાવો મળે. (૪) પશુપાલકોની સહકારી સોસાયટીઓ રચી ભેલાણના પ્રશ્નનું નિરાકરણ કરાય. (૫) ખેડૂતોને પોતાની સહકારી પદ્ધતિમાં રહેલા લાભનો અનુભવ

થાય અને એ જ નૈતિક ધોરણે તે પશુપાલકો અને ગ્રામઉદ્યોગ કરતા મજૂરને, શ્રમજીવીને પણ સહકારમાં જોડી તેને પણ લાભ લેતા કરે. (૬) સહકારી ધોરણે આવશ્યક વસ્તુનો વ્યાપાર અને કાચા માલનું પાકામાં રૂપાંતર કરનારા ઉદ્યોગો રચાય. (૭) સહકારી બેંકોમાં, રાજ્યનાં અંગોમાં, અને દુનિયાનાં તમામ ક્ષેત્રમાં તેને ગૌરવભર્યું પ્રતિનિધિત્વ મળે. (૮) દેવામાંથી મુક્ત કરાય. (૯) વ્યસનો અને ખોટા ફેલ ફતુરમાં ન ફસાઈ જાય. (૧૦) આવા સંગઠનનો આદર્શ જગકલ્યાણ હોવાથી લોકલક્ષી લોકશાહી અને ગરીબીનિવારણનો ટ્રસ્ટી બનીને પહેલ તે કરશે. શિક્ષણને સંસ્કાર, એટલે શ્રમાનુબંધવાળી કેળવણી, સસ્તી સ્વાસ્થ્ય પદ્ધતિ, સહી-સલામતી અને ન્યાય મેળવવા, સાધનોમાં સ્વાવલંબન કેળવવા સાથોસાથ વિકેંદ્રિત રાજ્યવ્યવસ્થા અને અર્થવ્યવસ્થાના લાભાર્થે આયોજન કરશે, ટાંચાં સાધન, ટાંચી સંપત્તિને કારણે રાજ્યસરકાર કે ધનિકની મદદ મેળવવા છતાં તેના શેહમાં નહીં તણાવાની સાવધાનીનું જાગૃતિપૂર્વક જતન કરશે અને મૂડીને અપાતી પ્રતિષ્ઠાને મહત્ત્વ, સત્તાકાંક્ષી પરિબળો, સંકુચિત કોમવાદી જ્ઞાતિવાદી વલણો સામે ઝઝૂમી તે ટ્રસ્ટી બની જગતાતનું બિરુદ સાર્થક કરશે. આવા ભગીરથકાર્યને પાર પાડવા તે પ્રાયોગિક સંઘની સતત દોરવણી અને સંતોનું માર્ગદર્શન જાળવી રાખે તો જ સમસ્યાના અહિંસક ઉકેલ સરસ બને.

## જેમાં ગ્રામકોંગ્રેસ લોકલક્ષી લોકશાહીનો પ્રયોગ કરશે

અહિંસાના વિકાસમાં દેશ અને દુનિયાના હિત માટે ફના થવાનું ઉદાત્ત ધ્યેય સામે હોય તો જ સ્વરાજ્ય વખતે જામ્યું હતું તેવું તપ ત્યાગનું વાતાવરણ જામે. આ માટે લોકશાહી પદ્ધતિ અહિંસાની વધારેમાં વધારે નજીક છે. માટે આપણે લોકશાહીમાં માનનારી કોંગ્રેસ અને લોકતંત્રને પ્રથમથી જ પુષ્ટિ આપી પૂરક

બન્યા છીએ. લોકોને પ્રાધાન્ય કે મુખ્યપણું આપનારી એ પદ્ધતિની વ્યાખ્યા તો એવી છે કે લોકોની, લોકો વડે લોકો માટે ચાલતી રાજ્યપદ્ધતિ. પણ લોકો એક વખત ચૂંટી કાઢે પછી ફરીવાર ચૂંટાઈ આવે ત્યાં લગી લોકપ્રતિનિધિઓ લોકોનું કહ્યું કરવાને બદલે પોતાનું કહ્યું લોકો પાસે કરાવવા ઇચ્છતા હોય તેમ વર્તે છે અને લોકો પણ બધી બાબત રાજ્ય કરશે તેમ માની લઈ પોતાની જાતને અળગી રાખી રાજ્યની ટીકાટિપ્પણી કરીને સંતોષ માને છે. રાજ્ય ભલે લોકશાહી વ્યવસ્થાનું હોય તોયે તેની નિષ્ઠા દંડ અને કાયદામાં હોય છે. સત્તાની ધાક દ્વારા તે પરિવર્તન કરાવવા ચાહે છે. એટલે પ્રજા ગૌણ બની જાય છે. ગમે તેવું સર્વોત્કૃષ્ટ રાજ્ય, રામરાજ્ય હોય તોયે પ્રજા પાસે તે નાનું છે એટલે સત્તામાં પ્રજાની મુખ્યતા રહે તે માટે રાજ્ય પોતા પાસે પાર્લામેન્ટ અને કાયદો ને વ્યવસ્થાની જાળવણીની સત્તા રાખી બાકીની બધી સત્તાઓ પ્રજાના ઘડાયેલા અને ગાંધીવિચારની દૃષ્ટિથી લોકોને ઘડતા સર્વાંગીણ રચનાત્મક કાર્યકરોની સંસ્થાના હાથમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરવાની દૃષ્ટિએ સોંપી દેવાય તો જ લોકો મુખ્ય બને.

જગતની મહાસત્તાઓ જેવી કે ફ્રાંસ, બ્રિટન, અમેરિકાએ પક્ષીય લોકશાહીનો તથા રશિયા અને ચીને એકપક્ષીએ લોકશાહીનો સમાજવાદી પ્રયોગ કર્યો, પણ સ્વતંતા સમાનતા અને બંધુતાનો તાળો નથી મેળવી શક્યા. કારણ કે લોકોને રાજકીય પક્ષ તરફ જ અભિમુખ કરી પક્ષનિષ્ઠાથી ઘડવામાં આવે છે. હવે કોંગ્રેસ પક્ષ અને લોકતંત્રને લોકાભિમુખ કે ગ્રામાભિમુખ બનાવીએ તો જ લોકલક્ષી લોકશાહી નિર્માણ થઈ શકશે અને ભારતની તટસ્થ રાજનીતિ સક્રિય અને સફળ બની શકશે. સાથોસાથ જગતમાંનું દરેક ક્ષેત્રનું સક્રિય તટસ્થ બળ જગતની મહાસત્તાના પદને, બ્રિટન

અમેરિકાના લોકશાહીઓમાંના મૂડીવાદને તેમ જ રશિયા ચીનની સરમુખત્યારશાહી અને દુનિયાભરની રાજાશાહી કે વ્યક્તિગત સરમુખત્યારીને દૂર કરી લોકલક્ષી લોકશાહીને પ્રતિષ્ઠિત કરી શકશે.

આ દેશની પ્રજા કોંગ્રેસ સિવાય રાજકીય ક્ષેત્રે બધા પક્ષોની અલગ અને મિશ્ર એવી સરકારોના પ્રયોગો કરીને થાકી હોવાથી હવે વિરોધ પક્ષને સત્તા સ્થાને નહીં બેસાડે પણ કોંગ્રેસે જાગતિક કોંગ્રેસ બનવું પડશે. તેને જાગતી રાખવા ગ્રામકોંગ્રેસ રૂપી પાંખ ઊભી કરવી પડશે. સદ્‌ભાગ્યે એક તરફથી ગામડાંને નિર્ભર અને નૈતિક મૂલ્યો દ્વારા સંગઠિત કરવાં અને બીજી તરફથી રાજકારણની શુદ્ધિ માટે કોંગ્રેસને શુદ્ધ સંગીન બનાવવા માટે ભાલનળકાંઠા પ્રયોગની સંસ્થાઓ પળે પળે સાવધાન રહી ધર્મદૃષ્ટિએ સમાજ રચનાના મારા પ્રયોગના વાહન તરીકે યથાર્થ ફાળો આપી રહી છે. પરંતુ કોંગ્રેસ ધીરે ધીરે સત્તા મારફત જ પરિવર્તન કરવા તરફ ઝોક લેતી થઈ અને જનતાનો નૈતિક સંગઠન મારફત સામાજિક પરિવર્તન કરવાના કાર્યક્રમનો વિરોધ કરતી બની ગઈ અને ભાલ-નળકાંઠા પ્રયોગ પણ એનો ભોગ બન્યો. કોંગ્રેસના વિભાજન પછી લોકસભાની ચૂંટણીમાં જનમતથી અને સર્વોચ્ચ અદાલતના ચૂકાદાથી શાસકકોંગ્રેસ, કોંગ્રેસ તરીકે સ્વીકારાઈ અને પ્રાયોગિક સંઘે પણ તેને સમર્થન આપવાનું સ્વીકાર્યું. પણ સહકારી અને પંચાયતી સંસ્થાઓની ચૂંટણીમાં તેણે પણ અવિભક્ત કોંગ્રેસની જેમ જ ભાગ ભજવાનું ચાલુ રાખેલ છે તેથી ભાલનળકાંઠા પ્રયોગના મૂર્તસ્વરૂપને પ્રગટ કરવા ગ્રામકોંગ્રેસને સક્રિય થવાની અનિવાર્યતા ઊભી થઈ છે અને પ્રતીકરૂપે ગ્રામકોંગ્રેસના ઉમેદવારોને ઊભા રાખવામાં આવે તે જરૂરી છે.

મારી દૃષ્ટિએ ગ્રામ કોંગ્રેસ રાજકારણને બે રીતે ઘડશે. એક તો કોંગ્રેસ સરકારને રાજ્ય અને રાષ્ટ્રમાં સ્થિર કરવા

પોતાના મનથી કોંગ્રેસને પુષ્ટિ આપશે અને કોંગ્રેસમાં દાખલ થયેલ નવાં જૂનાં પરિબળો ગ્રામલક્ષી રહી સત્તાદ્વારા નહીં પણ જનતા દ્વારા કોંગ્રેસની સમાજવાદ, લોકશાહી, બિનસાંપ્રદાયિકતા વગેરે પાયાની નીતિઓ અને તેના કાર્યક્રમોને અમલ કરવામાં પૂરકરૂપે કામ કરશે.

અને બીજી બાજુ ગામડાંના ઉત્પાદક શ્રમજીવીઓનાં, અને પછાત સમાજનાં હિતો, દારૂબંધી, નઈતાલીમ, ભાષા, ઉત્પાદક અને વાપરનારને પરવડતી ભાવનીતિ, ગોરક્ષા, ગોસંવર્ધન, ખાદી ગ્રામઉદ્યોગને રક્ષણ વગેરે કાર્યક્રમમાં જનતાનાં હિતોની રખેવાળી કરશે. એટલે કે ગાંધીજીની દૃષ્ટિએ ટ્રસ્ટીશિપનો ભાગ ભજવશે. ગામડાનાં એકમને સર્વોદય દૃષ્ટિથી ખીલવવાના કામમાં તે કોંગ્રેસની પક્ષીય શિસ્તથી પર અને છતાં નૈતિક ગ્રામ સંગઠનથી શિસ્તબદ્ધ દિશામાં વાળવામાં સંગઠિત ગ્રામશક્તિ દ્વારા સહાયભૂત થશે આવી શક્તિને સંકલિત સંગઠિત કરવાના હેતુથી જે નૈતિક રાજકીય બળ ઊભું થાય તેને ગ્રામકોંગ્રેસ નામ આપી કોંગ્રેસ સાથેનું ગામડાનું અનુસંધાન અને તત્ત્વ સાતત્યને પુષ્ટ કરવાના લક્ષને પણ વણી લેવામાં આવે એ ઈષ્ટ છે જેથી રાજ્યક્ષેત્રની અંદર કામ કરતી તેની અપૂર્ણતા અને અશુદ્ધિ દૂર કરી શકાય. ગ્રામ કોંગ્રેસ આ ફરજનું પાલન કરે અને તે પાલન કરી શકે તેવી ક્ષમતા ધરાવે તે જોવાની નૈતિક ફરજ મારા માર્ગદર્શન નીચે ચાલતી પ્રયોગ સંસ્થાની છે. આ દષ્ટિએ નૈતિક ગ્રામસંગઠનના અને ગ્રામકોંગ્રેસના ઉમેદવારોને જિતાડવા જરૂરી છે તેઓમાં નાની મોટી ખામી હોય તો આ ગ્રામલક્ષી સંસ્થાની શિસ્તથી જરૂર દૂર થશે. બીજા બધાં પણ આ પ્રતિનિધિઓની ખામી દૂર કરવા માટે ખાસ કરીને મુખ્ય એવા ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘનું ધ્યાન ખેંચતા રહેજો. જનતા માત્ર ટીકા ખાતર કે રાજકીય પક્ષોનાં શામ,

દામ, દંડ, ભેદના હાથા બનીને ટીકા કરવાની જ નથી તેવો મને વિશ્વાસ છે. ઉમેદવાર ચૂંટાય તો અંદર જઈને જો ન ચૂંટાય તો બહાર રહીને બંને કોંગ્રેસને એક કરવા અને તેને ગ્રામલક્ષી બનાવવા મથે. ગામડાની જ નેતાગીરી આખા દેશમાં એક થાય તે માટે ગ્રામપંચાયતોમાં અને બહાર સતત પ્રયત્ન કરે અને પોતાની શુદ્ધિ સાચવી ચોમેર શુદ્ધિ ફેલાવે.

લોકલક્ષી લોકશાહીનાં વિચાર બીજ વાવવાની દૃષ્ટિએ પણ ગ્રામકોંગ્રેસના ઉમેદવાર ઊભા કરવાનો પ્રયોગ કચ્છમાં થયો. પ્રયોગમાં જોખમ તો હોય જ પણ સંભવ છે કે આજે વેરેલાં બીજનો ભાવિમાં અદ્‌ભુત પાક મળી જાય. ભારતમાં જ નહીં જગતભરમાં પણ લોકલક્ષી લોકશાહીનો વિચાર અને પ્રયોગ દ્વારા નમૂનો પૂરો પાડવાનું ભારત કરી શકે તેમ છે. આવો પ્રયોગ કરીને કોંગ્રેસને અવકાશ અને પુષ્ટિ આપણે ભરપૂર આપીએ છીએ પણ આંધળુકિયા ટેકો નથી આપતા. સામે પડીને પરિગ્રહ પ્રાણ, અને પ્રતિષ્ઠાને ભોગે પણ સક્રિય રીતે ટેકા સાથે ટકોર પણ કરીએ, તે પણ સિદ્ધ થઈ જશે. પ્રયોગમાં ભલે કચ્છના બંને ગ્રામ કોંગ્રેસના ઉમેદવારોની ડિપોઝીટ ગઈ પણ નૈતિક મૂલ્યો સાચવી સાધનશુદ્ધિ જાળવી, ચૂંટણી પંચે ઠરાવેલ મર્યાદામાં જ ખર્ચ કર્યો, અનૈતિક બળોનો ટેકો ન લીધો, કોમવાદને પોષ્યોપપલાવ્યો નહીં, જૂઠાણું નહીં ફેલાવ્યું, આવું ઘણું બધું આમાં જળવાયું. આથી તો પ્રત્યક્ષમાં વિરોધી બળોના ભયકોમાંથી સૂર નીકળ્યો કે ખરેખર ગ્રામસંગઠનો તળેની ગ્રામકોંગ્રેસની વાત જ સર્વોપરી અને નક્કર છે જેથી ગામડું પક્ષો દ્વારા છિન્નભિન્ન ન થાય અને રાજ્યસત્તા પર અંકુશ રહે. (જનતા અને વિરોધ પક્ષમાંથી ઉઠેલો આ પ્રકારનો સૂર) આજની ગ્રામકોંગ્રેસની ચૂંટણીમાં હાર આવતીકાલની સૌની સાચી અને સંપૂર્ણ જીતમાં પરિણમશે એવી ઊંડી આશા આપી રહે છે. અને લોકલક્ષી લોકશાહીમાં વિરોધપક્ષો નહીં પણ માર્ગદર્શક,

પૂરક અને પ્રેરક બળોનું અનુસંધાન જોશે તે સંદેશો પણ ઠેર ઠેર અને ઘેર ઘેર આવા પ્રયોગ દ્વારા જ પહોંચતો થઈ જશે.

## જેમાં શુદ્ધિપ્રયોગો અન્યાય ને અનિષ્ટનો પ્રતિકાર કરશે

ધર્મલક્ષી સંઘે સેવવાનાં ચાર સત્યોમાં ચોથું સત્ય છે અહિંસક પ્રતિકાર. દરેક ક્ષેત્રમાંનાં અન્યાય અનિષ્ટ નિવારવાનું અહિંસક પ્રતિકારને ગાંધીજીએ સત્યાગ્રહ નામ આપેલ. શુદ્ધિપ્રયોગ એ આજના યુગનો સત્યાગ્રહ છે. ભાલનળકાંઠા પ્રયોગનું શુદ્ધિપ્રયોગ, કાનૂનરક્ષા અને અનુબંધ એ જોગવતું પોત છે. લોકશાહીમાં લોકો કાનૂનરક્ષા પણ કરે અને લોકશાહીની રક્ષા કરે તેવી રીતે તેમને ઘડવા જોઈએ. આ કામ અહિંસક સમાજરચનામાં માનનારાં લોકસંગઠનો કે જનસંગઠનો જરૂર કરી શકે. પણ આવું ઘડતર ટોળાથી કદી થાય નહીં. ઘડતર તો હંમેશાં તપત્યાગપ્રિય સંસ્થાથી જ થાય છે. એ દૃષ્ટિએ ભા.ન. પ્રાયોગિક સંઘ જેવી સંસ્થાની દોરવણી નીચે દરેક ક્ષેત્રના અન્યાય અનિષ્ટો નિવારવાનું કામ શુદ્ધિ પ્રયોગ સમિતિ દ્વારા થઈ શકે. આવો અનુબંધ જળવાય તો જ ક્રમશઃ સત્ય અહિંસાનો વિકાસ થતો જાય. અનુબંધદૃષ્ટિએ કોંગ્રેસ રક્ષા, કાનૂનરક્ષા, લોકશાહી રક્ષા અને કાનૂનની રક્ષા કરવા તો કાનૂનોની સુધારણા અને સંશોધન પણ કાલાનુસારી શુદ્ધિ પ્રયોગો દ્વારા કેમ થઈ શકે તે માટે અનુબંધ જાળવવો જરૂરી છે. અનુબંધ મુખ્ય પણે ચાર તત્ત્વો સાથે રહે છે (૧) ક્રાંતપ્રિય સાધુઓનું સંકલન ધર્મક્રાંતિ આખો માનવસમૂહ એકી સાથે ન કરી શકે એટલે સમાજને ધરમૂળથી પલટાવવાનું કામ ક્રાંત સંત, વ્યક્તિથી જ શરૂ થાય. તેમાં પળેપળે પરિગ્રહ, પ્રતિષ્ઠા અને પ્રાણ હોમવાની તત્પરતા જોઈએ છે. એટલે સંતોનું સંગઠન કરતાં આવાં ક્રાંત-સંતોનું સંકલન રહે. જેમાં સાધ્વીઓ સંન્યાસીઓ પણ લેવાય છે આવાં ક્રાંતિપ્રિય સંતોના માર્ગદર્શન હેઠળ મોટા શહેરોમાં ભાલ-

નળકાંઠા–પ્રાયોગિક સંઘના અનુસંધાનમાં વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘો શરૂ થયેલ છે. તેની નીચે માતૃસમાજો વગેરે ચાલે છે. તેવા સર્વાંગી સેવિકા સેવકોની સંસ્થારૂપે જનસેવક કે લોકસેવક સંસ્થા લઈએ છીએ ને ત્યાગ તપોમય અધ્યાત્મલક્ષી નૈતિકબળ ધરાવી શકે છે. એવી ગ્રામનગરની સેવક સંસ્થામાં ગ્રામ સેવિકા સેવકનું મહત્ત્વ જળવાઈ રહે તે જોવું જોઈએ. આથી ભાલનળકાંઠા પ્રયોગનું નામ મુખ્ય રાખ્યું છે. તેના અનુસંધાનમાં ગામડાંમાં નૈતિક ગ્રામસંગઠન અને શહેરોમાં નૈતિક જનસંગઠન સંચાલિત કરીએ છીએ. આવાં ગામડાં અને શહેરોનાં જનસંગઠન અનુસંધાન લોકમંડળી લોકશાહી લક્ષ્યે કોંગ્રેસરૂપી દેશની રાજ્ય સંસ્થા કોંગ્રેસ તેવો અનુક્રમ પણ જળવાવો જોઈએ. આમ થાય તો અહિંસા અને શુદ્ધિપ્રયોગ વ્યાપક અને વિશ્વમાં પણ સાકાર બને. છેલ્લે છેલ્લે કોંગ્રેસ જે સિદ્ધાંત પર ઊભી છે તેવી સૈદ્ધાંતિક કોંગ્રેસનું દુનિયામાં રાજતંત્ર સ્થપાય તો જ વિશ્વમાં લોકલક્ષી લોકશાહી વિશ્વસરકાર થઈ શકે. આથી જ અહિંસક સમાજરચનામાં જેમ અહિંસક પ્રતિકાર માટે શુદ્ધિપ્રયોગ જરૂરી છે તેમ શુદ્ધિપ્રયોગ સાથે જ અનુબંધ અનિવાર્ય જરૂરી બની જાય છે.

(સંકલિત) **સંતબાલ**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | અનુબંધ વિચારધારાનું રહસ્ય....સંતબાલ | ૩ |
| | મંગલાચરણ | ૨૫ |
| ૧. | અનુબંધયોગ | ૧ |
| ૨. | ક્રાન્ત સંત–દર્શન | ૧૩ |
| ૩. | સંત સમાજ | ૨૦ |
| ૪. | શ્રાવક–સેવક સંઘ | ૨૫ |
| ૫. | નૈતિક મંડળો | ૩૦ |
| ૬. | શાસન શોધન | ૩૩ |
| ૭. | માતૃસમાજ | ૩૬ |
| ૮. | અંત્યોદય સંસ્થા | ૪૦ |

# અનુબંધાષ્ટક

દુલેરાય માટલિયા

મુનિનેમિચંદ્રજી

# મંગલાચરણ

સુદેવ, સુગુરુ અને સુધર્મ મંગલ રૂપ છે એટલે આરભમાં એમને વંદન કરીએ છીએ.

(રાગ : શાર્દૂલવિક્રીડિત)

**જેને દ્રવ્ય બધાં અનુસરી રહ્યાં, શુદ્ધાત્મસિદ્ધો તથા;**<br>
**લોકાલોક તણાં જ તત્ત્વ સઘળાં, કાલાદિ કર્મો બધાં;**<br>
**એવો સત્યરૂપી રહ્યો નિયમ જે, નિત્યં સ્વયં શાશ્વત;**<br>
**તે સર્વોપરિ ૐરૂપે હૃદયથી, તેને હજો વંદન.**

જેને સત અને ઋતરૂપે ઋષિઓએ વૈદિક ઋચામાં ગાયેલ છે; જેને ભગવાન મહાવીરે પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં સત્ય ભગવાન અને ભગવતીરૂપે પ્રકાશેલ છે; જેને એક ભેદ નિયમ એ જ જગતનો પ્રવર્તક છે કહી રાજચંદ્રે પ્રમાણેલ છે; જેને મહાત્મા ગાંધીએ સત્ય-અહિંસાના સામુદાયિક પ્રયોગમાં વર્ણેલ છે અને જેને સંતબાલજીએ જીવન અને જગતના મહાનિયમ 'ૐ મૈયા'રૂપે ઉપાસેલ છે, જેને જીવ, જગત અને જગદીશ પણ અનુસરે છે તે ૐ મૈયાને વંદન કરું છું.

**અખણ્ડમણ્ડલાકારં વત્સલં ચાનુબન્ધિતં ।**<br>
**તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**

તત્પદ એટલે ૐ મૈયા પદમાં જેમણે વિશ્વવાત્સલ્યના અનુબંધ દ્વારા સાગરમાં જેમ વર્તુલો વિસ્તરતાં વિસ્તરતાં, વિશાળ ને

વિશાળ બની બીજાં વર્તુલોને પોતામાં સમાવતાં જાય છે અને વ્યાપક થતાં જાય છે, તેમ વ્યક્તિ, સંસ્થા, સમાજ અને સંતોમાં વત્સલવ્યવહારમાંથી ઊભાં થતાં મંડલાકાર પ્રયોગનાં વર્તુલોનો વ્યવહાર દ્વારા મર્મો અને માર્ગ દર્શાવ્યો છે તેવા સદ્‌ગુરુને નમસ્કાર કરું છું.

(શાલીની છંદ)

**જ્ઞાનીશ્રદ્ધા જ્ઞાનમૂલં યથાર્થા**
**ચૈવં તથ્યં દર્શનં ધર્મમૂલમ્ ।**
**ચારિત્રં સંજાયતે સંઘલક્ષ્યે,**
**ધર્માઽધારો યોઽનુબંધસ્તપઃ સ્યાત્ ॥**

જ્ઞાની, સત્પુરુષો અને સત્શાસ્ત્રો પ્રત્યેની શ્રદ્ધા બ્રહ્મજિજ્ઞાસા જગાડી મૌલિક જ્ઞાન પ્રત્યે દોરી જાય છે.

**જ્ઞાનમૂળ જ્ઞાનીશ્રદ્ધા, સુદર્શન ધર્મમૂળ;**
**સંઘમૂળ ચારિત્રનું, સદનુબંધ તપમૂળ.**

જ્ઞાનનું મૂળ જ્ઞાની પ્રત્યેની શ્રદ્ધા છે. અહીં જ્ઞાનનો અર્થ માહિતીનો સંચય કરતા બૌદ્ધિક અર્થમાં નથી, પણ આત્માની આંતરસૂઝ કે કોઠાવિદ્યા રૂપી આત્મજ્ઞાનનું મૂળ છે, તે આત્મજ્ઞાન પામેલા સત્પુરુષ પ્રત્યેની શ્રદ્ધામાં છે. જિજ્ઞાસુની અચળ શ્રદ્ધા જોઈને સત્પુરુષ તેને જીવનને સ્પર્શતાં ક્ષેત્રોમાં સત્યના પ્રયોગો કરાવીને તે પ્રત્યક્ષ જ્ઞાન આપે છે. એવું જ્ઞાન વાસ્તવિક, વ્યવહારુ અને જીવનની પ્રત્યેક સમસ્યાને સમ્યક રીતે જોવાની કોઠાસૂઝવાળું હોય છે. આવું સમ્યક જ્ઞાન આત્મજ્ઞાની પ્રત્યેની શ્રદ્ધામાંથી પાંગરે છે. ધર્મનું મૂળ પણ સમજપૂર્વકની પ્રતીતિયુક્ત શમ, સંવેગ, નિર્વેદ અને આસ્થા સાથે પ્રાણીમાત્રને પોતાતુલ્ય માનનારી અનુકંપા દૃષ્ટિમાં રહેલું છે. એથી જ જ્ઞાનીએ **પઢમં નાણં તઓ દયા**

એમ કહેલ છે. લોકવ્યવહારમાં પણ 'દયા ધર્મનું મૂળ છે' એમ કહેવાય છે. આવા જ્ઞાનદર્શનપૂર્વકનો એટલે કે સત્ય અને અહિંસા દ્વારા સમાજને રચનારો ચારિત્રધર્મ સમ્યક જ્ઞાનદર્શનને વ્યવહારમાં ઉતારનારા સંઘોનાં સંકલ્પો, વ્રતો અને અનુશાસન દ્વારા ઊગે છે ને વિસ્તરે છે. ચારિત્રધર્મનો આધાર, અનુબંધ તપ દ્વારા જીવનનાં સર્વ ક્ષેત્રોની વ્યવહારશુદ્ધિ કરનારા ન્યાય, નીતિ, ધર્મ અને અધ્યાત્મરૂપી ચતુર્વિધિ અનુબંધ વિચારકે અહિંસાનુબંધી અનુબંધ છે; કારણ કે નિજશુદ્ધતારૂપી મોક્ષનો અનુબંધ શુદ્ધ શાસન છે.

સદ્ધર્મનું કાર્ય સમજાવતાં સંતબાલજી કહે છે :

**નિરપેક્ષ પરં સત્ય, સાપેક્ષ કૃતિમાં બને;**
**તાળો બંને સત્યોનો, સહુના સાથથી મળે.**

પરમ સત્ય તો અનિર્વચનીય છે, અવ્યક્ત છે, પણ સહુના સાથથી જ તે કાર્યમાં પ્રગટ થાય છે. જ્યારે તે કૃતિમાં પ્રગટ થાય છે ત્યારે ભિન્નભિન્ન ભૂમિકાએ તેના આવિષ્કાર ભિન્નભિન્ન હોય છે. તે સહુને યથાર્થ ક્રમમાં ગોઠવી સર્વ વચ્ચે નિર્મળ વાત્સલ્યનો વ્યવહાર ગોઠવવો તે શુદ્ધ અનુબંધ કહેવાય છે. આત્માર્થીઓ આત્મતત્ત્વ અને જ્ઞાનીના સત્સંગથી આત્મધર્મ કે પરમ સત્યનો વ્યવહાર કરે, તો ન્યાયસંપન્ન જીવિકા જીવી લોકનીતિનું ઘડતર કરે, અને રાજ્ય નિષ્પક્ષ ન્યાય દ્વારા સામાજિક ન્યાયનું સંસ્થાપન કરે એવો ન્યાય, નીતિ, ધર્મ અને અધ્યાત્મનો વત્સલ અનુબંધ ગોઠવી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ દ્વારા શુદ્ધ સત્યનું પ્રાગટ્ય કરનારા સેવાધર્મને હું સત્કારું છું— સ્વીકારું છું.

**સત્યાનુબંધ સંતોમાં, ધર્માનુબંધ સેવકે;**
**નીત્યાનુબંધ લોકોમાં, ન્યાયાનુબંધ રાજ્યમાં.**

શ્રીમદ્ રાજચંદ્ર કહે છે "સામાન્ય કથનમાં કહેવાય છે કે સત્ય એ આ સૃષ્ટિનું ધારણ છે. એ કથનમાંથી એવી શિક્ષા મળે છે કે ધર્મ, નીતિ, રાજ અને વ્યવહાર એ સત્ય વડે પ્રવર્તન કરી રહ્યાં છે અને એ ચાર ન હોય તો જગતનું રૂપ કેવું ભયંકર હોય? એ માટે થઈને સત્ય એ સૃષ્ટિનું ધારણ છે એમ કહેવું એ કંઈ અતિશયોક્તિ જેવું નથી કે નહિ માનવા જેવું નથી. આ ઉપરથી આપણે સઘળાએ સત્ય, તેમ જ રાજાએ ન્યાયમાં અપક્ષપાત તેમ જ સત્ય બંને ગ્રહણ કરવારૂપ છે. લોકસ્થિતિ અસત્યના આગ્રહવાળી છે, ત્યારે જગતનું વિસ્મરણ અને સત્યના ચરણનું સેવન કર્તવ્ય રૂપ છે."

મહાત્મા ગાંધીએ અસત્યના આગ્રહવાળા લોકાચારનું વિસ્મરણ કરી સત્યના આગ્રહવાળી પરિસ્થિતિ નિર્માણ કરવા સત્યના પ્રયોગો કર્યા. તેમાંથી તેમને અહિંસા હાથ લાગી. અહિંસાનું સેવન કરનાર સંયમ સ્વીકાર્યા વિના રહી શકે નહિ. અને સંયમ આત્મશુદ્ધિ હોય તો જ સહજ થાય. આમ, સત્ય અહિંસા, સંયમ અને શુદ્ધિનાં સાધનો દ્વારા ગાંધીજીએ સત્યાગ્રહ રૂપે અહિંસક સમાજરચના નિર્માણ કરવાનો સર્વાંગી પ્રયોગ કર્યો પણ પરિસ્થિતિવશ તેને મુખ્યપણે કોંગ્રેસ દ્વારા રાજકારણને શુદ્ધ કરતાં કરતાં સ્વરાજ્ય પ્રાપ્તિમાં જ વધુ શક્તિ એકાગ્ર કરવી પડી. સ્વરાજ્ય પછી એમનું અધૂરું રહેલું કાર્ય સાધુસંતોએ ઉપાડી લેવું જોઈએ. સંતબાલજીના ગુરુદેવે તો સ્વરાજ્ય પહેલાં અને પછી પણ ગાંધીજીની સર્વાંગી અહિંસાની નીતિનું સક્રિય સમર્થન સાધુધર્મની મર્યાદામાં રહીને કર્યું હતું. સંતબાલજીએ તો પોતાના ગુરુદેવ જેને આગમ ને યુગધર્મનો સમન્વય કહે છે તે મહાવીર અને ગાંધીજીના પ્રયોગનો સમન્વય આગળ વધારવા માટે વત્સલ અનુબંધ રજૂ કરે છે.

જેમાં સંતો જીવનનાં સર્વ ક્ષેત્રોને શુદ્ધિ અને વાત્સલ્ય-સભર કરવાનું સક્રિય માર્ગદર્શન આપતા હશે; જેમાં સેવકો સંતાજ્ઞા પ્રમાણે પોતાનું જીવન ઘડી વ્યવહારશુદ્ધિ અને સર્વાંગી સેવાસંસ્થા દ્વારા શીલ-સદાચારનું એટલે ચારિત્રધર્મનું વ્યાપક ઘડતર કરી જનતાના નૈતિક સંગઠનને દોરવણી આપ્યા કરશે; જેમાં લોકો ધર્મલક્ષી લોકનીતિનું પરસ્પર મળીને ઘડતર તથા પાલન કરશે અને લોકશાહી સરકારો લોકલક્ષી બની સામાજિક ન્યાય અને નિષ્પક્ષ ન્યાય દ્વારા લોકલક્ષી લોકશાહીનું ઘડતર કરતા હશે તેવા સત્યપુરુષાર્થમાં રાજ્યો ન્યાય-ધર્મ, લોકો નીતિ-ધર્મ, સેવકો ચારિત્ર-ધર્મ અને સંતો અધ્યાત્મ-ધર્મનો અનુબંધ રચશે. તે અનુબંધ દ્વારા સહુના સહિયારા સાથથી નિરપેક્ષ સત્યને રાજ્ય અપેક્ષાએ ન્યાય દ્વારા, લોક અપેક્ષાએ નીતિ દ્વારા, સમાજ-સેવાની અપેક્ષાએ ચારિત્ર દ્વારા અને સંતો સંતાની અપેક્ષાએ આત્મ-ધર્મ દ્વારા સાપેક્ષ સત્ય રૂપે કૃતિમાં ઉતારશે. સમાજમાં, સંસ્થામાં અને જગતમાં, વ્યક્તિ અને સમષ્ટિમાં જે સત્ય છે, જે સંવિત એટલે ચેતના છે તેનામાં જ્ઞાનોપયોગ દ્વારા સત્યની સૂઝ અને દર્શનોપયોગ દ્વારા અનુકંપા એટલે અહિંસા ભરેલી જ હોય છે. જ્ઞાન અને દર્શન જેમ યુગ્મદ્ એટલે એકરૂપ છે તેમ ચૈતન્યનો જ્ઞાનસ્વભાવ અને સમભાવવેદન એટલે વાત્સલ્ય પણ યુગ્મદ્ છે એટલે સાથે રહેલાં છે. આ સત્ય અને અહિંસા વચ્ચેનો સંબંધ અને અનુ-બંધ ક્રાંત સંતો જગતને બતાવતા હોય છે. સંતોના અંતરમાંથી ઊગતું આવું સત્ય ધર્મનો મર્મ અને માર્ગ દર્શાવે છે.

અનુબંધાષ્ટકમાં મંગલાચરણની ત્રણ, આઠ અષ્ટકની ચોસઠ અને ઉપસંહારની આઠ મળીને કુલ પંચોતેર કડી છે. તેમાં બે કડીનું પરિમાર્જન કરી સંતબાલજીએ અનુષ્ટુપને બદલે શાલિની અને ઉપજાતિમાં રચના કરી છે તે બેય ધર્મનો મર્મ બતાવવા

માટે પાયા જેવી હોવાથી એના પર પ્રારંભમાં જ વિવેચન રજૂ કરેલ છે.

સંતબાલજી મહારાજના સાન્નિધ્યમાં અનુબંધાષ્ટક રચાયું એ પછી મહારાજશ્રીએ તે પૂ. નેમિચંદ્રજી મહારાજશ્રીને મોકલ્યું. એમણે પ્રત્યેક કડી પર સરલ સમજણ આપતું વિવેચન આપી આખા વિષયની સુંદર છણાવટ કરી છે. માટુંગા સંત-સેવક શિબિરમાં રજૂ થયેલ 'અનુબંધ વિચાર'ને દસ પુસ્તકો દ્વારા સંપાદિત કરી તેને શાસ્ત્રીય આધાર આપવામાં નેમિચંદ્રજી મહારાજની જ મુખ્ય દેણગી છે, એટલે અનુબંધાષ્ટને એમના ભાષ્યે વધારે શાસ્ત્રીય અને રસમય બનાવેલ છે. આવી સુંદર અભિવ્યક્તિ આપવા માટે વંદામિ, નમંસામિ-સક્કારેમિ, સમ્માણેમિ—પૂર્વક વંદણા.

**દુલેરાય માટલિયા**

✻

૧

# અનુબંધયોગ

## વંદન

અખન્ડમન્ડલાકારં વત્સલં ચાનુબન્ધિતમ્ ।
તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥૧॥
સવાત્સલ્યોઽનુબન્ધશ્ચ મન્ડલાકારો ન ખન્ડિતઃ ।
તદ્યોગો દર્શિતો યેન વંદે તં વત્સલં ગુરુમ્ ॥

**ભાવાર્થ :** તે અનુબંધ વાત્સલ્યને સાથે લઈને થાય છે. વાત્સલ્ય વગરનો જે અનુબંધ હશે તેમાં રાગ, મોહ, આસક્તિ કે સ્વાર્થનો અંશ હશે. વળી તે અનુબંધ ક્રમશઃ એક પછી એક મંડલ (વર્તુળ)ને લઈને થાય છે. એટલે કે સૌથી પહેલાં નાનું વર્તુળ રાજ્યનું હશે, ત્યાર પછી લોકસંગઠનનું, તે પછી લોકસેવકોનું અને છેલ્લે સૌની ચારે બાજુ ફરતું અનુબંધનું વર્તુળ રચીને પોતે અનુબંધિત થયેલ સાધુસંતવર્ગનું વર્તુળ હશે. માટે જ અનુબંધ મંડળાકાર હોય છે; અને તે અખંડ હોય છે. ખંડિત થયા પછી અનુબંધ ખરો અનુબંધ રહેતો નથી. કાં તો તે તૂટી જાય છે અથવા તો બગડી જાય છે. આ બંને દશાઓ અનુબંધની વિકૃતિની છે.

આવો અનુબંધયોગ જેમણે શીખવ્યો – ઉપદેશ્યો છે, તેવા વાત્સલ્યમૂર્તિ ગુરુદેવને મારાં વંદન હો.

# અનુબંધાષ્ટક

સત્યાનુબંધ સંતોમાં, ધર્માનુબંધ સેવકે;
નીત્યાનુબંધ લોકોમાં, ન્યાયાનુબંધ રાજ્યમાં.

**ભાવાર્થ :** અનુબંધનો અર્થ અહીં ધ્યેયાનુકૂલ સંબંધ જાણવો. એ દૃષ્ટિએ સત્યાનુબંધ એટલે આત્મલક્ષી પારમાર્થિક વ્યવહાર કે જે પૂર્ણતાની તરફ સાધકને લઈ જાય છે. તેવો અનુબંધ સાધુ-સંતોમાં હોય છે. તેમ જ જનસેવક કે જે આમપ્રજાને સંગઠનબદ્ધ કરીને ઘડે છે, તેનો વ્યવહાર પોતાની અને સમાજની શુદ્ધતાને અનુલક્ષીને સામૂહિક હોય છે, એટલે તે ધર્માનુબંધ કહેવાય છે. વળી જે આમપ્રજાના નૈતિક પાયા ઉપર રચાયેલાં સંગઠનો છે, તેનો વ્યવહાર ધર્મલક્ષી લોકનૈતિક હોય છે, એટલે તેને પુણ્યાનુબંધ નીત્યાનુબંધ કહીએ તો ચાલે; કારણ કે ધર્મમાં જીવનની શુદ્ધિ અને નિઃસ્વાર્થ ભાવે અહિંસાદિના પાલનની ભૂમિકા છે, જ્યારે પુણ્યમાં કાં તો રાહતકામની અથવા તો આફતને ટાણે દાન, પરોપકાર વગેરેની આપ-લેની ભૂમિકા છે. વર્તમાનયુગની ભાષામાં કહીએ તો **ધર્મ**, ક્રાંતિનાં કામોનો વાહક છે, જ્યારે **પુણ્ય** મોટે ભાગે નીતિ અને રાહતનાં કામોનું વાહક છે. ત્યાર પછી છેલ્લે આવે છે રાજ્યસંગઠનનો વ્યવહાર. મોટે ભાગે તે નીતિલક્ષી ન્યાયનો હોય છે; એટલે રાજ્યસંગઠનમાં ન્યાયાનુબંધ હોવો જોઈએ. જોકે નીતિ અને ન્યાય એ બંને ધર્મલક્ષી હોવાને લીધે બંનેનો સમાવેશ ધર્મમાં થઈ જાય છે.

## અખંડ સત્ય સાધના

(ઉપજાતિ વૃત્ત)

સમાજ સંસ્થા વળી વ્યાપ્ત વિશ્વે,
વ્યષ્ટિ સમષ્ટિ મહીં સત્ય છે જે,
તેમાં અહિંસા રહી નિત્ય સંગે,
તે ક્રાંત સંતો જગને બતાવે. ॥૧॥

—સંતબાલ

**ભાવાર્થ :** એવા અનુબંધમાં ધર્મનો આધાર તો મુખ્ય છે જ. અને તે ધર્મમાં સત્ય, અહિંસા, વિશ્વવાત્સલ્ય, શ્રેય, નીતિ, સંયમ, શુદ્ધિ અને છેવટે મોક્ષલક્ષી જ્ઞાન-દર્શન ચારિત્ર વગેરેની સાધનાનો સમાવેશ થાય છે. એટલે સૌથી પહેલાં વિશ્વાનુબંધી સત્યની સાધના અંગે કહે છે. — વ્યક્તિ, સંસ્થા, સમાજ અને સમષ્ટિ એમ આખા વિશ્વમાં જે સત્ય છે તેમાં સદૈવ અહિંસા સાથે રહે છે. કારણ કે વ્યક્તિથી માંડીને સમષ્ટિ સુધીનું અસ્તિરૂપ (સત્ય) અહિંસા વગર (પરસ્પર પ્રેમ વગર) ટકતું નથી. માટે જ વિશ્વમાં રહેલ સત્યની સાથે અહિંસા હંમેશાં રહી છે; એ વાત ક્રાંતિપ્રિય સંતો જગતને બતાવે છે. તાત્પર્ય એ છે કે અખંડ સત્યસાધના પણ વ્યક્તિથી માંડીને વિશ્વ સુધીના અનુબંધથી જ થાય છે.

## વિશ્વવાત્સલ્ય સાધના

સંઘે અભ્યાસ વૈરાગ્ય, વ્રતશુદ્ધિ પ્રયોજતાં;
વિકસે વિશ્વવાત્સલ્ય, પોષક વિશ્વશાંતિને. ॥૨॥

**ભાવાર્થ :** વિશ્વવાત્સલ્યની અખંડ સાધના ક્રાંત દૃષ્ટિવાળા સાધુસંતો માટે છે. તે સાધના ત્યારે જ સફળ થઈ શકે, જ્યારે તે ક્રાંતિપ્રિય સાધુ પોતાનાં વ્રતનિયમોમાં તત્પર રહીને જ્યાં દોષ

થાય ત્યાં શુદ્ધિ કરીને સંઘ (સમાજ)ની સાથે રહીને વૈરાગ્યપૂર્વક સતત અનુબંધનો અભ્યાસ કરતો રહે. જો વૈરાગ્ય નહિ હોય તો ત્યાગ નહિ ટકે. અને ત્યાગ વગર અને પોતાના વ્રતપાલનમાં જાગરૂકતા વગર વાત્સલ્યને બદલે કાં તો રાગ, મોહ, મૂર્છા, આસક્તિ આવી જશે, અગર તો દ્વેષ, ઘૃણા, ઇર્ષ્યા, પ્રતિષ્ઠાલિપ્સા વગેરે આવી જશે; તેમ જ સંઘ (સમાજ)ની સાથે રહીને એકલો-અટૂલો થઈ જે સાધક એકાંતમાં વિશ્વવાત્સલ્યની સાધના કરવા જશે તેની સાધના શ્યે થશે? કારણ કે વિશ્વવાત્સલ્ય-સાધના તો વિશ્વની સાથે અનુબંધથી જ થાય છે. એકાંતમાં એકલો-અટૂલો સંઘના સાથે અનુબંધ વગર જે સાધુ રહેશે, તેને વળી બીજા દોષો વળગશે; તેની વ્રતશુદ્ધિ પણ સંભવ નથી; કારણ કે સમાજની સાથે રહેવાની પોતાની સાધનામાં ક્યાંય ભૂલ થતી હશે તો તેને સમાજ પણ ચેતવી જ દેશે !

આવા વૈરાગ્યપૂર્વક વિશ્વાનુબંધના અભ્યાસથી તેની વિશ્વ-વાત્સલ્યની સાધના વિકસશે અને તે જ વિશ્વશાંતિને પોષનાર થશે.

## શ્રેયઃ સાધના

સૂર્ય ને સૂર્યમુખીશા સંત-સેવક-સંઘ જે;
પ્રકાશી પ્રેરણા આપે પ્રેરિત શ્રેયદૃષ્ટિને. ।।૩।।

**ભાવાર્થ:** જગતમાં શ્રેય અને પ્રેય બે માર્ગો છે. પ્રેય માર્ગે જનારા માત્ર પોતાના શરીર અને કુટુંબમાં અથવા ભૌતિક વસ્તુમાં જ રાચતા રહે છે; જ્યારે શ્રેયમાર્ગી શરીર અને કુટુંબથી ઉપર ઊઠીને સમાજ, રાષ્ટ્ર અને વિશ્વની સાથે અનુબંધ જોડીને પોતાને ફાળે આવેલો ત્યાગ કરે છે, સેવા કરે છે અને વ્યક્તિથી માંડીને સમાજ સુધીના વાત્સલ્યમાં સક્રિય હોય છે. સમષ્ટિ વાત્સલ્ય તરફ લક્ષ રાખે છે. એવા શ્રેયમાર્ગીના માર્ગદર્શક ક્રાંતિપ્રિય

વિશ્વવત્સલ સંતો હોય છે; તેથી તેમની દૃષ્ટિ માત્ર ભૌતિક વસ્તુ ઉપર (પ્રેયદૃષ્ટિ) નથી રહેતી. એ માટે જ તે શ્રેયાર્થી જનસેવકો-સંતો પાસે વ્રત ગ્રહણ કરે છે; સંતો તેમને વ્રતોનો પ્રકાશ આપીને વ્રતબદ્ધ કરે છે અને વ્રતોનું આચરણ સહેલાઈથી થાય, તે માટે જનસેવકોના સંઘની સાથે તેમને અનુબદ્ધ પણ કરે છે. સૂર્ય અને સૂર્યમુખી ફૂલોનો જેમ પરસ્પર વાત્સલ્યાનુબંધ હોય છે, તેમ સંત અને જનસેવકોનો પણ તેવો જ અનુબંધ હોય છે. સૂર્ય-મુખી ફૂલની દૃષ્ટિ જેમ સૂર્યની સમક્ષ જ રહે છે તેમ જનસેવકોની દૃષ્ટિ પણ એવા સંતની સમક્ષ રહે છે. જૈન દૃષ્ટિએ એવા શ્રેયાર્થી વ્રતધારી સાધકોને 'શ્રમણોપાસક' કહી શકાય. બીજી રીતે કહીએ તો એવા સેવકો સંતોના અંગરૂપ હોય છે; તેઓ સંતોના માર્ગ-દર્શનથી કેટલાંક જનસેવાનાં એવાં કામ કે જેમાં સંતોની મર્યાદા હોય છે, તેવાં કામોમાં પ્રત્યક્ષ ભાગ લે છે. જેમ સૂર્ય દૂર રહીને જગતને અને સૂર્યમુખી ફૂલને પ્રકાશ આપે છે, તે પ્રકાશ પામીને જગત અને તે ફૂલ પણ પોતપોતાના કર્તવ્યમાં પ્રવૃત્ત થાય છે, તેવી જ રીતે સંત દૂર રહીને પ્રેરણા અને માર્ગદર્શનનો–શ્રેયદૃષ્ટિના જ્ઞાનનો પ્રકાશ આપે છે; તે પ્રકાશ પામીને જનતા અને જનસેવકો પોતપોતાનાં કર્તવ્યકર્મમાં પોતે પ્રવૃત્ત થતાં હોય છે. સૂર્યમુખી ફૂલ સૂર્યથી કદીય વિમુખ થતું નથી; તેમ જ જનસેવક પણ સંતરૂપી સૂર્યથી કદીય વિમુખ થતો નથી. તેમની સાથે તે સતત અનુબંધ રાખે છે અને સંતની પ્રેરણાથી સમાજની સાથે પણ અનુબંધ સતત રાખે છે, જેથી તેની શ્રેયઃસાધના ઉત્તરોત્તર ફૂલની જેમ ક્રમેક્રમે વિકસ્યે જાય છે.

## નૈતિક સાધના

સાગરે જેમ વર્તુલો, મંડલાકાર વિસ્તરે;
નૈતિક મંડલો દ્વારા, સુનીતિ વિસ્તરે જગે. ॥૪॥

**ભાવાર્થ :** ગ્રામો અને શહેરોની પ્રજા પૈકીના લોકો નીતિ-નિષ્ઠ થઈને શુદ્ધ ધર્મ તરફ લક્ષ રાખી સુખશાંતિ પામવા ઝંખે છે. તેઓ પણ પોતપોતાના વર્તુળના સંગઠનની સાથે અનુબદ્ધ થઈને જ એ લક્ષને પામી શકે છે. સમુદ્રમાં અનેક વર્તુળો ઊઠતાં હોય છે, અને તે મંડલાકાર થઈને જ વિકાસ અને વિસ્તાર પામી શકે છે. વળી તે મંડલાકાર વર્તુળોનો અનુબંધ સાગરની સાથે અને પોતાનાં સમકક્ષ વર્તુળો સાથે હોય છે, સાગરની સાથે અનુબંધ રહેવાથી જ તે વર્તુળોમાં એટલું બધું વિસ્તરવાની શક્તિ સહેજે જાગે છે, જ્યારે એકલા–અટૂલા વર્તુળમાં કોઈ તાકાત હોતી જ નથી. એવી જ રીતે જનતાનાં જુદાં જુદાં વર્તુળો મંડલાકારે સંગઠિત થઈને જ એકલો વિકાસ અને વિકાસ પામી શકે. વળી તેવા મંડલાકાર વર્તુળોનો અનુબંધ સાગરની જેમ વિશ્વવાત્સલ્યના સમુદ્ર ક્રાંતિપ્રિય સંતોની સાથે રહે તો જ તેમનામાં ઉદય–ઉન્નત થવાની અને અન્યાય ને અનિષ્ટોનો અહિંસક ઢબે પ્રતિકાર કરવાની જનશક્તિ જાગૃત થઈ શકે. એકલા કે અટૂલા અસંગઠિત વર્તુળમાં ઉપર ઊઠવાની કે પ્રતિકારની શકિત ક્યાંથી હોઈ શકે? સમુદ્ર જેમ નદીઓની સાથે અનુબદ્ધ હોઈ તે પાણીનાં વર્તુળોને નદીઓ સાથે અનુબદ્ધ કરે છે, તેવી જ રીતે વાત્સલ્યસિંધુ સંતો પોતાના જનસેવકોની સાથે અનુબદ્ધ હોઈ ગ્રામ અને નગરની જનતાનાં જુદાં જુદાં મંડળોને જનસેવકોની સાથે અનુબદ્ધ કરે છે. તાત્પર્ય એ છે કે જનતાનાં આવાં મંડળો સેવકો તથા સંતો સાથે ક્રમશઃ અનુબંધિત થઈને જ પોતે નીતિનિષ્ઠ ધર્મલક્ષી રહી શકે અને આખા વિશ્વ સુધી પોતાની નીતિનિષ્ઠા વિસ્તારી શકે.

## સ્વરાજ્ય સાધના

કોંગ્રેસને અનુમોદી, પુષ્ટિ દે લોકતંત્રને;
ગ્રામરાજ્ય પ્રમાણીને; બદી હરે શુચિ તપે. ॥૫॥

**ભાવાર્થ :** અનુબંધયોગમાં માનવસમાજના જીવનનું કોઈ-પણ ક્ષેત્ર ત્યજાતું કે ઉપેક્ષિત કરાતું નથી. સૂર્ય જેમ બધે ઠેકાણે, ભલે તે રાજાનો મહેલ હોય કે ગરીબની ઝૂંપડી હોય, સજ્જનનું ઘર હોય કે દુર્જનનું ઘર હોય, પણ પોતાનો પ્રકાશ પાથરે છે તેમ જ ક્રાંતદર્શી તેજસ્વી સંતરૂપી સૂર્ય પણ વાત્સલ્યથી પ્રેરાઈને દરેક ક્ષેત્રે શુદ્ધ ધર્મનો પ્રકાશ પાથરે છે. સૂર્ય ગંદકીવાળા સ્થાનને જેમ પોતાનાં પ્રખર કિરણો ફેંકીને શુદ્ધ કરી દે છે, તે જ રીતે સંત-સૂર્ય પણ જે ક્ષેત્રમાં ગંદકી હોય તેને તપથી શુદ્ધ કરીને ન્યાય, નીતિ અને શુદ્ધ ધર્મથી તેને સભર કરે છે. એટલા માટે જ રાજ-નીતિના ક્ષેત્રમાં પણ તેઓ સ્વરાજ્ય સાધક રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ની સાથે સંગઠિત જનતા અને સંઘબદ્ધ જનસેવકોનો અનુબંધ જોડે છે. કોંગ્રેસની સ્વરાજ્યસાધના ત્યારે જ સાચી નિષ્ઠા-વાળી, તેજસ્વી ગણાય, જ્યારે તે લોકલક્ષી લોકતંત્રને અનુસરીને ચાલે.

આજે લોકલક્ષી લોકતંત્રમાં અનેક વિઘ્નો નડતાં હોય છે. તે વિઘ્નોને દૂર કરવા માટે ક્રાંતદૃષ્ટિવાળા સંતો એક બાજુ કોંગ્રેસની સ્વરાજ્યસાધનાનું પોતે સમર્થન કરે છે; કારણ કે સ્વરાજ્યસાધના-માં પણ રાજનૈતિક ક્ષેત્રની ભૂમિકાની સત્ય–પ્રેમ–ન્યાયની ત્રિપુટી અનિવાર્ય હોય છે. વળી તે સંતો લોકતંત્રની પુષ્ટિ અને વિકાસને માટે પૂરક બળ (જનસંગઠન) અને પ્રેરક બળની સાથે અનુબંધ જોડે છે અને વર્તમાન લોકતંત્રને સાચા અર્થમાં લોકલક્ષી (એટલે કે ૮૦ ટકા ભારત ગામડાંમાં વસેલું હોઈ ગ્રામલક્ષી) બનાવવા માટે ગ્રામોના સંગઠિત પૂરક બળથી ભરે છે, જેથી લોકતંત્રીય સરકારમાં બહુમતી ગામડાંની થાય. આ ભગીરથ કામમાં આવતાં વિઘ્નો અને કોંગ્રેસ એક રાજ્યસંસ્થા છે, એટલે રજોગુણી હોઈ ડગલે ને પગલે જ્યાં નિરંકુશ થઈને સત્તાને માટે સિદ્ધાંતોની બાંધછોડ કરતી હોય અથવા અન્યાય કરતી હોય, નૈતિક પતનને રસ્તે દોરાતી હોય, અગર તો તેમાં કોઈપણ જાતની અશુદ્ધિ પેસતી દેખાતી હોય તો

સંતો ગામડાંનાં તેવાં પૂરક બળો અને જનસેવક રૂપી પ્રેરક બળો દ્વારા તેના અહિંસાત્મક પ્રતિકાર માટે સામુદાયિક તપ દ્વારા તેની શુદ્ધિ કરે છે અને બદીને નિવારે છે. પરંતુ આ કામ કોંગ્રેસની સાથે અનુબંધ વગર થઈ જ શકે નહિ. ડૉકટર જેમ ઑપરેશન કરતાં રખેને રોગીના રોગનો ચેપ લાગી જશે એવા ભયે તેને અડકતાં કે નજીક જતાં અચકાતો નથી અને ઑપરેશન વખતે પણ દર્દી દ્વારા ડૉકટર તે બધું જ સહી લે છે અને સમજે છે જ કે રોગી પોતાને આશીર્વાદ આપશે જ. એવી જ રીતે સંતરૂપી ચિકિત્સક કોંગ્રેસમાં જ્યારે કોઈપણ જાતનો સડો પેસે, ત્યારે, ડૉકટરની જેમ તેના સડાના ચેપથી ભયભીત થયા વગર અને કોંગ્રેસ દ્વારા કે અદૂર-દર્શી લોકો દ્વારા થતી ટીકાઓ અને વિરોધો સહીને પણ પોતાના અને સામુદાયિક તપરૂપી અસ્ત્ર દ્વારા તેની શુદ્ધિ કરે છે અને બદી રૂપી રોગને મટાડે છે. એટલા માટે સંતો લોકતંત્રને માર્ગે જનાર સ્વરાજ્ય–સાધક અને ન્યાય–નિષ્ઠની નીતિલક્ષી કોંગ્રેસથી ભડકીને દૂર ભાગી જતા નથી, તેની સાથે અનુબંધ જોડે છે; તે માત્ર તેને નીતિધર્મને રસ્તે દોરવા માટે જ; રાજ્યસત્તા સ્વીકારવા કે બીજા કોઈ પદ કે પ્રતિષ્ઠાના લોભે નહિ. સૂર્યની જેમ ક્રાંતદર્શી સંત તો પોતે નિર્લેપ રહે છે, છતાં પોતાનો ધર્મરૂપી પ્રકાશ આપવા માટે કિરણોની જેમ જનતા અને જનસેવકોની સંસ્થા દ્વારા પ્રયત્ન-શીલ હોય છે.

## સંયમ સાધના

પ્રેરી પોષી સુમૂલ્યોને, મંડળો સંઘનીતિથી;<br>
સ્વરાજ્ય તંત્રને યોજે સર્વના સુખસંયમે. ॥૬॥

**ભાવાર્થ :** પૂર્વોક્ત રીતે વિશ્વવાત્સલ્યમૂર્તિ સંતો જગતને પોતાની સંતતિ ગણીને સંતતિમાં જ્યારે અન્યાય, અનીતિ, અસંયમ અને સંઘર્ષને લીધે દુઃખવૃદ્ધિ થતી જુએ છે, નિર્બલ ઉપર સબલ

દ્વારા અન્યાય અત્યાચાર થતા જુએ છે, ત્યારે માની જેમ પોતે બધાંને સંગઠિત કરીને તેમને પરસ્પર શુદ્ધ અનુબંધથી યુક્ત કરે છે. એને માટે તેઓ ખોટાં મૂલ્યોને કે જેથી જનતા, જનસેવકો અને સ્વરાજ્ય-સંસ્થાનું અહિત થાય છે, તે બદલીને તેમને ઠેકાણે સારાં શુભ મૂલ્યોને સ્થાપે છે; જનસેવકોના સંઘની નીતિથી જનતાનાં નૈતિક મંડળોને પ્રેરે છે, પુષ્ટ કરે છે. અને તે બંને બળો પૂરક-પ્રેરક બળોની સાથે સ્વરાજ્યની શક્તિની વાહક રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ને જોડે છે, અનુબદ્ધ કરે છે. આમ ચારેય (સંતબળ, જનસેવક બળ, જનબળ અને સ્વરાજ્ય બળ, એમ) બળોનો પરસ્પર અનુબંધ થવાથી એકબીજા ઉપર સુખપૂર્વક સંયમ (નિયંત્રણ) આવી જાય છે. સંતો પોતાનો ધર્મ સમજીને અને ધર્મના સક્રિય આચરણની આને અચૂક કાર્યપદ્ધતિ જાણીને બધાને પરસ્પર વાત્સલ્યભાવે અનુબંધ જોડી દે છે. આવાં બધાંની સંયમસાધના સુખેથી થઈ જાય છે. દા. ત. સ્વરાજ્યસંસ્થા ઉપર લોકોના નૈતિક સંગઠનનો અંકુશ (સંયમ) રહે, અને લોકસંગઠન ઉપર લોકસેવક સંગઠનનો અંકુશ રહે, લોકસેવકસંગઠન ઉપર સંતોનો અને સંતો ઉપર સમગ્ર મહાસમાજનો અંકુશ રહે તો આ સંયમ (નિયંત્રણ) કુટુંબમાં હોય છે તેમ પ્રેમપૂર્વક હોઈ કોઈને ભારરૂપ લાગતો નથી, અને સહેજે બધાની સંયમસાધના થઈ જાય છે. આવી સંયમસાધના બધાંની નહિ હોય, તો અનુબંધ તૂટી જાય અને બધાં વેરણછેરણ થઈને એકબીજા ઉપર ચઢી બેસે! કોઈ કોઈનું માને નહિ. માટે અનુબંધયોગ માટે સંયમસાધના જરૂરી છે.

## શુદ્ધિ સાધના

પ્રતિકારી કુકાર્યોને, પોષી નૈતિક તત્ત્વને;
વ્યક્તિ સમાજ સત્તાને નાથે અનિષ્ટ શુદ્ધિથી. ॥૭॥

**ભાવાર્થ :** અનુબંધ વગર શુદ્ધિની સાધના થઈ શકતી નથી. કારણ કે એક વ્યક્તિની કે માત્ર એક સંસ્થાની સમાજ કે

રાજ્યમાં પેસેલાં અનિષ્ટો અને કુકાર્યો ઉપર અસર થતી નથી. તેમ જ શુદ્ધિ વગર સંગઠનો તેજસ્વી નહિ થઈ શકે, એકબીજા ઉપર સંયમ નહિ રાખી શકે, તેમ જ જીવનનો સાચા અર્થમાં વિકાસ નહિ કરી શકે, સમાજમાં વધતી જતી કે પેસતી અશુદ્ધિને અટકાવવા માટે પણ શુદ્ધિની નિરંતર સાધનાની જરૂર છે. શુદ્ધિ વગર અનુબંધ પણ ઝાઝી વાર ટકી શકે નહિ; તો એ અનુબંધ જ બગડી જાય છે. એટલા માટે જ વ્યક્તિ સમાજ અને રાજ્ય-સંગઠનમાં પ્રવિષ્ટ અનિષ્ટોની શુદ્ધિ કરી–કરાવીને જ સંતો એમને નાથે છે. તેને માટે તેઓ એક બાજુથી અનિષ્ટ કાર્યોનો સામુદાયિક અહિંસાત્મક શક્તિથી પ્રતિકાર કરે છે અને બીજી બાજુથી એ બધાંમાં નૈતિક તત્ત્વોને દાખલ કરાવીને પુષ્ટ બનાવે છે. જેમ વૈદ્ય પહેલાં રોગીના રોગને સાફ કરે છે, ત્યાર પછી જ તેને પૌષ્ટિક દવા કે પદાર્થ (રસાયણ વગેરે) આપીને પુષ્ટ કરે છે; તેમ સંત પણ સમગ્ર સમાજના દયાળુ ભવભ્રમણ વગેરે દુઃખનાશક વૈદ્ય હોઈ પહેલાં અનિષ્ટોરૂપી રોગોને પ્રતિકાર દ્વારા મટાડે છે.

## મોક્ષસાધના

**નિશ્ચયે સ્થિર આત્મામાં, સૌ જીવે વ્યવહારમાં;**
**આત્મા ને વિશ્વનું શ્રેય, સાધી મોક્ષ સમાચરે. ॥૮॥**

**ભાવાર્થ :** અનુબંધયોગનું લક્ષ્યબિંદુ તો મોક્ષસાધના જ છે. મોક્ષ એ ધર્મસાધનાનું ફળ છે, એમ પણ કહી શકાય. કારણ કે મોક્ષની સાધનામાં સમ્યગ્દર્શન (સાચી શ્રદ્ધા ભક્તિ); સમ્યક્જ્ઞાન (સાચું જ્ઞાન) અને સમ્યક્ ચારિત્ર (સાચું કર્મ) એમ ત્રણેયની જરૂર છે; અને એ ત્રણેય મળીને મોક્ષમાર્ગ હોવા છતાં ધર્મનાં અંગો છે. માટે જ સંતો અનુબંધ દ્વારા સમગ્ર વિશ્વ (વ્યક્તિ, સમાજ, સંસ્થા અને સમષ્ટિ)ને ધર્મ આચરાવીને મોક્ષ તરફ જ લઈ જવાનો પુરુષાર્થ કરે છે. અહીં કોઈ એમ કહે કે સંતોએ તો

માત્ર આત્મકલ્યાણની સાધના જ કરવી જોઈએ તેને વળી અનુબંધની સાથે લેવાદેવા શી છે? પરંતુ એ બરાબર નથી. કારણ કે જૈન ધર્મમાં નિશ્ચય અને વ્યવહાર, બે દૃષ્ટિઓ બતાવી છે. નિશ્ચિયનયની દૃષ્ટિએ તો સંતે માત્ર પોતાના આત્મામાં જ સ્થિર થઈને પોતાનું શ્રેય સાધીને શુદ્ધાત્મા બનવું જોઈએ; જેથી મોક્ષ પામી શકાય. પરંતુ વ્યવહારમાં એમ બનતું નથી; કારણ કે જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી પોતાના આત્માનું શ્રેય પણ બીજા આત્માઓ સાથે સંકળાયેલ જ છે. આત્મામાં સ્થિર થવાનો અર્થ એ જ છે કે પોતાના આત્મસ્વરૂપમાં, આત્મગુણોમાં લીન થઈ જવું. પરંતુ સત્ય, અહિંસા, પ્રેમ, વાત્સલ્ય, ક્ષમા, દયા વગેરે જે આત્મગુણો છે, તે મેળવવા, ટકાવવા અને વિકસાવવા તેમ જ આત્મગુણો કેટલા પ્રમાણમાં વિકસ્યા છે, એ તપાસવા અને દેહને પોષવા માટે સમાજની સાથે સંપર્ક અનિવાર્યપણે જરૂરી છે જ. જ્યારે સમાજની સાથે વ્યવહારમાં સંપર્ક કરવો જરૂરી છે; ત્યારે તે સંબંધ મોહ કે રાગદ્વેષ અથવા તો આસક્તિવાળો ન થઈ જાય તે માટે સંબંધને બદલે અનુબંધ જોડવો જરૂરી છે, જેથી પોતાનો આત્મા પણ અનિષ્ટોથી બચીને શ્રેય સાધી શકે અને બીજાઓને પણ પ્રેરીને શ્રેય સધાવી શકાય. આમ અનુબંધયુક્ત વ્યવહાર થવાથી આત્માના સ્નેહની સાથે સાથે વિશ્વનું શ્રેય પણ સહેજ સધાઈ જશે. ખરું જોતાં તો વિશ્વનો શ્રેયમાર્ગ દોરીને ધર્મ અચરાવવામાં જ પોતાનું શ્રેય સમાયેલું છે. એટલે ખરો આધ્યાત્મિક સાધક જ્યાં રાગ, દ્વેષ, મોહ વગેરે આત્મગુણના વિરોધી દુર્ભાવો આવવાના હશે ત્યાં ચેતીને કે અનુબંધને લીધે બીજા (ગુરુ કે સમાજ)થી પ્રેરાઈને નિશ્ચયદૃષ્ટિએ પોતાના આત્મામાં જ સ્થિર થશે. પરંતુ વ્યવહારમાં સમસ્ત આત્માઓની સાથે વાત્સલ્ય સંબંધ રાખીને પોતાના શ્રેયમાં આવતાં વિઘ્નો દૂર કરશે અને પોતાનું, અને તે સાથે અનુબંધપદ્ધતિથી આખા વિશ્વનું શ્રેય સાધશે. એ રીતે તે મોક્ષની એટલે કે પૂર્વોક્ત મોક્ષમાર્ગની સાચી સાધના કરશે. *

# ક્રાન્ત સંત-દર્શન

## વંદન

**શમ, સંવેગ, નિર્વેદ, આસ્તિક્ય અનુકંપના;**
**આત્માનુભૂતિથી વેદે, નમું સંતશિરોમણિ. ॥૧॥**

**ભાવાર્થ :** અનુબંધયોગનો માર્ગદર્શક ક્રાંતિપ્રિય સંત હોય છે. એનું પોતાનું સ્થાન પણ અનુબંધ વિચારધારામાં સૌથી પહેલું છે. તે પોતે અનુબદ્ધ થઈને વિશ્વની 'યોગ્યં યોગ્યેન યોજયેત' એ ન્યાયે અનુબંધિત કરે છે. એવા સંતનાં કયાં કયાં લક્ષણ છે? તેની સાધના કેવી હોય છે? તે અંગે આ અષ્ટકમાં વિચારવામાં આવેલ છે.

બીજા સંતો અનુબંધ જોડવા અને સુધારવાનું શ્રેષ્ઠ તપ કરવામાં કદાચ પ્રમાદ કરી જાય, અગર તો વ્યક્તિમોક્ષ કે વ્યક્તિ-સુધારમાં જ વિશ્વાસ રાખીને પોતે એકાંતસેવી કે એકલવાયા બની જાય તો તેવા સંત ભલે ને પંચમહાવ્રતી કે ઉચ્ચ ત્યાગી હોય પણ તેમને સંતશિરોમણિ કહી શકાય નહિ. સંતશિરોમણિ તો અનુબંધ પ્રયોગમાં અહર્નિશ તત્પર રહે છે અને સ્વ–પર–કલ્યાણ-સાધનાની દૃષ્ટિએ સામૂહિક મોક્ષની અને સર્વકલ્યાણની સાધના કરે છે. એને લીધે જ તેઓ વિશ્વવંદ્ય બને છે. તેમની દૃષ્ટિ એટલી બધી વ્યાપક હશે કે આત્માનુભૂતિથી આખા વિશ્વના આત્માઓનો વિચાર અનાયાસે કરે છે. સમ્યગ્દષ્ટિનાં જે પાંચ લક્ષણો જૈન શાસ્ત્રોમાં બતાવેલાં છે તે લક્ષણો તો તેના જીવનમાં આત્માનુ-

ભૂતિની સાથે વણાઈ જાય છે. જગતના આત્માઓમાં કષાયોથી ઉદ્દભવેલાં દુઃખોને જોઈને એ પોતાના જીવનમાંના કષાયોને શાંત કરી લે. શાન્તિભાવનાં મૂળ કારણો ધૈર્ય, ગાંભીર્ય, વિનમ્રતા, લોભ-વૃત્તિથી વિતૃષ્ણા, નિઃસ્પૃહતા, નિરાભિમાનતા, ક્રોધ, દ્વેષ, ઘૃણા વગેરેની ઉપશાંતતા તેનામાં સ્વાભાવિક રીતે હશે. એવી જ રીતે સમાજનાં દુઃખો જોઈને તે દુઃખોને નિઃસ્પૃહ ભાવે નિવારવામાં, તેનામાં દિવસે દિવસે અધિકાધિક વેગ હશે. જગતના ભૌતિક પદાર્થો પ્રત્યે તેના જીવનમાં નિર્મોહતા, વિરક્તિ, સ્વભાવતઃ હોય છે. તેનામાં જીવનનાં સાચાં તત્ત્વો ઉપર આસ્થા પણ અડગ હોય છે અને અનુકંપા તો તેના જીવનનું મૂળ અંગ હોય છે. આ પાંચેય, અને ખાસ કરીને અનુકંપા, વિશ્વવત્સલતાની સહચરી છે. એવા સંત-શિરોમણિ જગતવત્સલ પુરુષને નમસ્કાર હો.

**નમું શ્રદ્ધાળુ સત્યાર્થી સમદર્શી અમૂઢને,**
**આત્માર્થી સ્થિર આત્મામાં, વત્સલ ક્રાંત સંતને. ॥૨॥**

**ભાવાર્થ :** એવા વાત્સલ્યમૂર્તિ અને ક્રાંતદ્રષ્ટા સંતને ફરી તેના ગુણો બતાવીને નમન કરેલ છે. જે ક્રાંતદ્રષ્ટા સંત માત્ર વર્તમાનને જ જોતા નથી તે ભૂત અને ભવિષ્યનો પણ તેની સાથે વિચાર કરે છે; તેમ જ તે સમાજમાં અહિંસક ક્રાંતિ લાવવા માટે જૂનાં ખોટાં મૂલ્યોને પલટાવીને નવાં સાચાં મૂલ્યો સ્થાપે છે. તે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, પાત્ર અને પરિસ્થિતિનો બધાં પાસાંઓથી વિચાર કરીને સમાજ અને રાષ્ટ્રને તેના યોગ્ય ધર્માચરણને રસ્તે દોરે છે; તેમ જ જ્યારે તે જુએ છે કે આ બદી સમાજને અધઃ-પતનને રસ્તે લઈ જાય છે, ત્યારે ભલેને ઘણા લોકો કે રાજ્ય તે બદીની તરફેણમાં હોય તોયે તેને તે દૂર કરવા પાછી પાની કરતો નથી. તેના જીવનમાં પ્રાણીમાત્રનાં, ખાસ કરીને માનવજાતિના સુધાર કે પરિવર્તનમાં ભારોભાર શ્રદ્ધા હોય છે. તેને ગમે ત્યાંથી

સત્ય મળે, તે સત્યને ઝીલવા તૈયાર હોય છે. તેના મનમાં કે જાતમાં ધર્મસંપ્રદાય કે પક્ષના પૂર્વગ્રહો, કદાગ્રહો, નામનાગ્રહો વગેરે હોતા નથી. સત્યની આગળ આ બધાને તે ત્યજી દે છે. 'મારું તે જ સાચું છે,' એને બદલે 'સાચું તે મારું છે' તે એમ જ સદા વિચારતો હોય છે. તે ઉપરાંત ભેદભાવ, પક્ષપાત કે મારાપણાનું મમત્વ ક્યારેય તેનામાં હોતાં નથી. બલ્કે બધાયની આત્મીયતાને લીધે સમદર્શીપણું સહેજે હોય છે. શત્રુ-મિત્ર, લાભ-અલાભ, સુખ-દુઃખ, સંયોગ-વિયોગ, ભવન-વન, જીવન-મરણ બધી પરિસ્થિતિ-ઓમાં તેને સમભાવ રહે છે. તે સાથે તેનામાં દેવમૂઢતા, ગુરુમૂઢતા, શાસ્ત્રમૂઢતા અને લોકમૂઢતા વગેરે પાંચે મૂઢતાઓનો ત્યાગ કરીને સાધનામાં એટલો બધો દૃઢ હોય છે કે તે વિષય પરિસ્થિતિ વખતે પણ કિંકર્તવ્યમૂઢ તે થતો જ નથી. સાચી સૂઝ, સાચો વિવેક, સાચી ધગશ અને વાત્સલ્યમય હૃદયને લીધે તે ગમે તેવા વિકટ પ્રસંગોમાં સાચો રસ્તો કાઢી લે છે. તેની દૃષ્ટિમાં ભૌતિક વસ્તુ કે માન-સન્માન પ્રત્યે કે દેહસંબંધી મોહ કે આસક્તિ હોતી નથી. તેનું લક્ષ્ય આત્મનું જ હોય છે તેથી તે એવા બધા પ્રશ્નોનો પોતાના અને વિશ્વના આત્મહિતની દૃષ્ટિએ જ નિર્ણય લે છે; એટલે જ આત્માર્થી કહેવાય છે. દેહનું ભાન ભૂલી જઈને આત્મભાનને જ સતત ટકાવી રાખવા માટે તે આત્મામાં સ્થિર રહેવા પ્રયત્ન કરે છે. વાત્સલ્યનું ઝરણું તો તેના અંતરમાં સદાય વહ્યા કરે છે.

## જ્ઞાનાચાર સાધના

વિનયી યુગદ્રષ્ટા જે, સૌ ધર્મસાર તારવી;
અહિંસા – સ્યાદ્વાદેથી, વિકસાવે સુશાસ્ત્રને. ॥૧॥

**ભાવાર્થ :** એવા ક્રાંતદર્શી સંત વિશ્વાનુબંધ માટે પોતે વિનયથી સભર હોય છે; કારણ કે વિનય વગર જ્ઞાન થતું નથી; જ્ઞાનસાધના પણ હોતી નથી; તે સાથે જ તે યુગદ્રષ્ટા એટલે કે

જમાનાને ઓળખનાર હોય છે. યુગને પારખી પોતે પણ કુરુઢિ-ઓમાં ફસતો **નથી,** સમાજના કોઈ પણ કોયડાને તે નીતિધર્મની દૃષ્ટિએ ઉકેલતો હોય છે. વળી ધર્મશાસ્ત્રોનો સાર તારવીને તેના ઉપયોગી અંશને પોતાના જીવનમાં અપનાવીને સમાજની આગળ ધરે છે. અહિંસા અને અનેકાંતવાદની સાથે, શાસ્ત્રોની સાથે ચકાસીને મેળ બેસાડે છે અને અનુબંધવિજ્ઞાન જગતની આગળ ધરે છે; અને સુશાસ્ત્રના અર્થોનો વિકાસ કરે છે; શાસ્ત્રજ્ઞાન ઉપર અનુભવની મહોર–છાપ લગાડે છે.

## દર્શનાચાર સાધના

પૂર્વગ્રહો, પરિગ્રહો પ્રાણકીર્તિ મતાગ્રહો;
સ્થાપિતહિત ને સત્તા સત્યાર્થે હોમતા સદા. ॥૨॥

**ભાવાર્થ :** અનુબંધયોગી સંતોમાં જાતપાંત, ધર્મ-સંપ્રદાય, રાષ્ટ્ર કે પ્રાન્ત વગેરેના પૂર્વગ્રહો હોતા નથી. તેઓ સત્યને માટે, પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહ (પોતાની પાસેનાં પુસ્તકો ઉપકરણો વગેરે પણ) તજવામાં અચકાતા નથી. પોતાની માન્યતા જ સાચી છે, એવો ખોટો આગ્રહ તો તેમાં હોય જ શાનો ? સત્યને માટે તેઓ આ બધાંને તથા પોતાના નિહિત સ્વાર્થને તેમ જ પોતાના અધિકાર-ને પણ હોમવા તૈયાર રહે છે. અનુબંધવિજ્ઞાનની દૃષ્ટિએ તેમનું દર્શન (દૃષ્ટિ) સર્વાંગી, સર્વક્ષેત્રસ્પર્શી, વ્યાપક અને સ્પષ્ટ હોય છે; જેથી તેઓ અનુબંધોને સાંધવા તથા સુધારવામાં મૂંઝાતા નથી.

## ચારિત્રાચાર સાધના

કાયા વાણી મને સંતો, સદા નિર્મળ સુવ્રતે;
ઉપયોગે ક્રિયા ભાષા, ઇચ્છાડદાન વિસર્ગના. ॥૩॥

**ભાવાર્થ :** ચારિત્રાચારમાં સૌથી અગત્યની વસ્તુ અશુભથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિની છે. ક્રાંતદર્શી સંત વિશ્વની સાથે

અનુબંધ કરતી વેળાએ પોતાનાં મન વાણી અને કાયાને અશુભથી બચાવે છે, અને શુભમાં પ્રવૃત્ત કરે છે; તેથી એ ત્રણેય નિર્મળ રહે છે; તેમ જ પાંચ મહાવ્રતો નિષેધાત્મક અને વિધેયાત્મક બંને રીતે પાળવામાં જાગરૂક રહે છે, તેમાં કોઈ દોષ પેસી જાય અથવા પેસવા માંડે તો તે તેને માટે પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત વગેરેથી તેને તરત દૂર કરીને શુદ્ધ બની જાય છે. પોતાની ક્રિયાઓમાં, ભાષામાં, મનમાં ઊઠતી ઇચ્છાઓમાં, વ્યુતસર્ગ કે ગ્રહણ કરવામાં સદાય જાગ્રત રહે છે; ક્યાંય અશુભ ન પેસી જાય તે માટે પોતાની અને સમાજની પણ નૈતિક ચોકી રાખે છે. જૈન પરિભાષા પ્રમાણે તે પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને પંચ મહાવ્રત કે જે ચારિત્રનાં અંગો છે તેમાં અપ્રમત્ત રહીને વિશ્વની સાથે અનુબંધ રાખેરખાવે છે.

## તપાચાર સાધના

ભરી વિશ્વે સુવાત્સલ્ય, આવરણ હરે બધાં;
પુષ્ટિ દે સત્ય-ન્યાયે જે, શુદ્ધિતપે હરી મળ. ॥૪॥

**ભાવાર્થ :** અનુબંધયોગી એવા વિશ્વવત્સલ સંતો વિશ્વમાં વાત્સલ્યભાવ ભરીને, લોકોનાં બધાં આવરણોને–અંતરાયોને કે જે બધાયના વિકાસને રોકે છે, નષ્ટ કરે છે, એમાં બાહ્ય–આભ્યંતર (આંતરિક) જે કાંઈ તપ કરવું પડે તે ખુશીથી કરે છે. જગતમાં સત્ય, પ્રેમ અને ન્યાયને પોષવા, ફેલાવવા તે સતત તપશ્ચર્યા કરે છે. સમાજમાં પાંગરતાં અનિષ્ટોને નિવારવા તે આત્મા અને જગતની શુદ્ધિ અને શ્રેય માટે તપ કરે છે. આ રીતે સંતની તપાચાર સાધના અનુબંધ સાંધવા-સુધારવા માટે બહુ જ ઉપયોગી છે.

## વીર્યાચાર સાધના

યોજીને કાંત સ્વાધ્યાય, પ્રેરી કાંત પ્રકાશને;
ભેદે દીવાલ ભેદોની, ઐક્યભાવ-પ્રચારથી. ॥૫॥

**ભાવાર્થ :** વીર્યનો અર્થ છે શક્તિ, કે જે બ્રહ્મચર્ય પાળવાથી મળે છે. તે સંચિત શક્તિનો આચાર એટલે કે ઉપયોગ ક્રાંતિપ્રિય સાધુ બીજાના ખંડનમંડનમાં, ખોટી ટીકા કે નિંદાકુથલી કરવામાં અગર તો પ્રાંત, જાતિ, ધર્મસંપ્રદાય, રાષ્ટ્ર કે ભાષાને નામે ઝનૂન ભરીને ભેદભાવ વધારવામાં નથી કરતો; પણ મહાવ્રતો વગેરે પાળવામાં સમાજમાં ઐક્યભાવનો પ્રચાર કરીને ઉપર બતાવેલ બધા ભેદોની દીવાલો તોડવામાં સમાજ, રાષ્ટ્ર અને વ્યક્તિને માટે ઉપયોગી અને યુગદર્શન કરાવનાર સાચું સાહિત્ય સર્જવામાં ઉત્તમ અને ક્રાંતિપ્રેરક સ્વાધ્યાય ગોઠવવામાં અને ધર્મદૃષ્ટિએ સમાજનું ઘડતર કરવામાં કરે છે. તે ભોગવિલાસ અને કામવાસનાને માર્ગે પોતાના વીર્યને વેડફતો નથી. વિશ્વાનુબંધ માટે આ બધું જરૂરી છે; જે વીર્યાચારની આવી સાધનાથી થાય છે.

## અપૂર્વ સાધના

પૂર્વાનુબંધનાં યોજ્યાં, ચરણો-કરણો બધાં;
સત્યધર્માનુસંધાને, પલટે ધર્મક્રાંતિએ. ॥૬॥
જાગૃત સંત પ્રેરે છે, અપૂર્વકરણે સદા;
વ્યક્તિ, સમષ્ટિ ને તંત્ર, શુદ્ધાનુબંધ યોજવા. ॥૭॥

**ભાવાર્થ :** ક્રાંતદર્શી અનુબંધયોગી સંત સદાય જાગૃત અને અપ્રમત્ત રહે છે. તે પૂર્વાનુબંધે યોજેલાં બધાં ચરણકરણો (આચરણો અને સાધનો)ને ધર્મક્રાંતિ દ્વારા સત્ય-ધર્મના સંદર્ભે પલટી નાંખે છે, અપ્રમત્ત (બાહોશ) સંત સદા વ્યક્તિ, સમષ્ટિ (સમાજ) અને તંત્ર એટલે લોકતંત્રીય પદ્ધતિએ સ્વરાજ્યસાધક રાષ્ટ્રીય મહાસભા — એ ત્રણેયને શુદ્ધ અનુબંધે જોડવા સતત પુરુષાર્થ કરે છે અને છેવટે જાગૃત સંત તેને સદા અપૂર્વ કરણ પ્રતિ પ્રેરણા કરે છે.

# વિવેક સાધના

તંત્ર મંડલ ને સંઘ, યોગ્ય અનુક્રમે રચી;
ધર્માનુબંધથી યોજે, ધર્મમય સમાજને. ॥૮॥

**ભાવાર્થ :** અનુબંધયોગી સંત સતત વિવેકશીલ હોય છે. તે તંત્ર (સ્વરાજ્ય સંસ્થા), મંડલ (જનસંસ્થા) અને સંઘ (જનસેવક સંસ્થા)–એ ત્રણેયને યોગ્ય ક્રમે રચે છે અને એ બધાંયને ધર્માનુબંધે પરસ્પર જોડીને, તે અનુબંધ બગડવામાં એક કારણ જે ક્રમભંગ છે તે ન થાય, તેની કાળજી રાખે છે. એટલે જેનું સ્થાન જ્યાં અને જે ક્રમે છે, તેને ત્યાં અને તે ક્રમે સ્થાન આપે છે. આ રીતે સમાજને ધર્મમય બનાવવા એટલે કે સમાજનાં બધાં ક્ષેત્રો અને બધાં મુખ્ય અંગોમાં ધર્મનો પ્રવેશ કરાવવા સતત મથે છે.

# સંતસમાજ

## વંદના

બ્રહ્મનિષ્ઠ શ્રુતે જ્ઞાની, કૃપાળુ વિશ્વવત્સલ;
સત્તા, સ્ત્રી ધનના ત્યાગી, નમુ સંતસમાજને. ॥૧॥

**ભાવાર્થ :** હવે ક્રાંતિપ્રિય સંતોથી પ્રેરણા પામીને જે જુદા જુદા ધર્મોના સંત છે, તેઓ અનુબંધ યોગમાં શો ફાળો આપી શકે અને તેમનાં કયાં લક્ષણો છે તે કહે છે.— એવા સંતોનો સમાજ જે બ્રહ્મનિષ્ઠ એટલે સર્વાત્માઓમાં તલ્લીન છે, સર્વ ભૂતાત્મભૂત છે, કૃપાળુ છે, વિશ્વમાં સર્વે પ્રાણીઓ પ્રત્યે વાત્સલ્યભાવે વર્તે છે, સ્ત્રી, ધન, (જમીન, જાયદાદ, સોનાચાંદી, રોકડાં નાણાં વગેરે) અને સત્તાનો ત્યાગી છે, તેને મારા નમસ્કાર હો.

નિશ્ચયે વ્યવહારે જે, સુસ્થિર છે સ્વરૂપમાં;
સ્વ-પરશ્રેય સાધે છે, નમું સંતસમાજને. ॥૨॥

**ભાવાર્થ :** હવે એવા સંતોની દૃષ્ટિ અંગે વર્ણવે છે. જે સંતસમાજ નિશ્ચય અને વ્યવહારે ભૌતિક વસ્તુઓ પ્રત્યે વિરકત અને નિઃસ્પૃહ થઈને માત્ર પોતાના આત્મસ્વરૂપમાં અથવા આત્મગુણોમાં જ સ્થિર રહે છે તેમ જ એકાંગી-માત્ર પોતાની જ નહિ; પરંતુ સ્વ અને પર બંનેના કલ્યાણની સાધના કરે છે; તેને મારાં નમસ્કાર હો.

## સંતસંકલન

યતિ, ફકીર, સંન્યાસી, જે પંથ ગ્રંથિથી પર;
પ્રેરાઈ ક્રાંતસંતોથી, ગૂંથે સંતસમાજને. ॥૧॥

**ભાવાર્થ :** એવા સંતો કોઈ ખાસ એક સાંપ્રદાયિક રીતે સંગઠનમાં બંધાયેલા હોતા નથી; પરંતુ એવા નોખા-નોખા ધર્મોના સમગુણોવાળા સંતોનું સંકલન થઈ શકે છે. માટે જ કહે છે — જે યતિ, ફકીર, સંત, સંન્યાસી જે પંથની ગ્રંથિથી પર છે; સ્વ-સંપ્રદાયમોહથી દૂર છે; તેઓ ક્રાંતિપ્રિય સંતોની પ્રેરણા મેળવીને એક ધ્યેયે ચાલતાં અને એક જ વિચારધારા એવં કાર્યપદ્ધતિને અનુસરનારા સંતસમાજની સાંકળમાં બંધાઈ જાય, અનુબંધિત થઈ જાય. એવો સંતસમાજ શી-શી આનુબંધિક પ્રવૃત્તિ કરે છે તે બતાવે છે :

## અધ્યાત્મપ્રેરણા

**સંતો સૌ ધર્મના પ્રેરી; આધ્યાત્મિક સુભાવના;**
**સ્વ-સ્વધર્મે કરી પુષ્ટ, રોકે ધર્માન્તરો બધાં. ॥૨॥**

**ભાવાર્થ :** એવા સર્વે ધર્મોના સંતો પોતપોતાના પરંપરાથી પ્રાપ્ત ધર્મ-સંપ્રદાયમાં આધ્યાત્મિક ભાવનાની પ્રેરણા આપે. એટલે કે પોતપોતાના ધર્મના અનુયાયીઓમાં આત્મૈક્યની-સર્વે આત્માઓ સમાન છે; સર્વે માનવાત્માઓ પણ પોતાનો વિકાસ અને સુખશાંતિ ઝંખે છે; માટે અમો બધા પરમાત્માની સંતતિ છીએ, કોઈ કોઈના પ્રત્યે ધર્મ, જાતિ, સંપ્રદાય, પ્રાંત કે રાષ્ટ્રગત કટ્ટરતા અપનાવીને રાગદ્વેષ ન કરે, પોતે પોતાને પ્રાપ્ત ધર્મના સાચા અર્થમાં આચરણ અને વ્યવહાર કરે; એવી સદ્ભાવના જગાડે અને પોતપોતાના ધર્મમાં રહીને બધા પોતાનો વિકાસ કરે, એ રીતની આત્મીયતાની ભાવના—વાત્સલ્યમયી સુભાવનાની પ્રેરણા કરીને પુષ્ટ અને દૃઢ કરે; તેમ જ ધર્માન્તરો અને તેને લગતાં સંપ્રદાયાંતરો, વેષાંતરો કે ક્રિયાન્તરોને થતા અટકાવે. આવી જ સાચા સંત તરફથી અધ્યાત્મિક પ્રેરણા હોવી જોઈએ.

## સ્વધર્મશોધન

સ્વધર્મે સ્થિરતા આપી, સંશોધે રૂઢિમૂઢતા;
પલટે બાહ્ય આચારો, તત્ત્વે સાતત્ય જાળવી. ॥૩॥

**ભાવાર્થ :** એવા અધ્યાત્મપ્રેરક સંતો સૌને સ્વધર્મે સ્થિર કરે, એટલે કે કોઈ પોતાના ધર્મને આચરણથી ડગતો હોય, ભય કે પ્રલોભનથી પ્રેરાઈને ધર્મને છોડવા તૈયાર થતો હોય, અગર તો દંભથી માત્ર ધર્મના ખોખાને જ સાચો ધર્મ સમજીને આચરતો હોય તો તેને તે ધર્મનું સાચું તત્ત્વ સમજાવીને પોતાના ધર્મના આચરણમાં સ્થિર કરે. ધર્માનુયાયીઓમાં પેઠેલી કુરૂઢિઓ અને મૂઢતા (દેવ, ગુરુ, ધર્મ, શાસ્ત્ર અને લોકવ્યવહાર સંબંધી મૂઢતા) ને તત્ત્વ સમજાવીને શુદ્ધ કરે અને સાચા વ્યવહાર અને સાચી ક્રિયાને અચરાવે. બાહ્ય આચારો કે જે યુગબાહ્ય, દંભવર્ધક, વિકાસ-ઘાતક અને સમાજને હાનિકર્તા થઈ પડ્યા હોય તેમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પાત્ર અને પરિસ્થિતિ જોઈને પરંપરાનું મૌલિક સાતત્ય જાળવીને તત્ત્વની દૃષ્ટિએ ચકાસીને ફેરફાર કરે, સંશોધન, પરિવર્ધન, અને પરિવર્તન કરે.

## સર્વધર્મ–ઉપાસના

સૌ ધર્મીને સુવાત્સલ્યે, પોષે આધ્યાત્મતોષથી;
ગ્રહી સૌ ધર્મનો સાર, ઉપાસે સ્વધર્મને. ॥૪॥

**ભાવાર્થ :** વળી તે સંત બધા ધર્મવાળાઓના સંપર્કમાં આવીને તેમની સાથે આત્મીયભાવ દાખવી, બધા ધર્મવાળા પરસ્પર તમે બંધુઓ છો, તમે સૌ તે જ પરમાત્માની સંતતિ છો. એવા વાત્સલ્યભાવે આધ્યાત્મિક સંતોષ આપીને સૌને પોષે એટલે કે બધાને આત્મીયભાવે સુખશાંતિથી રહેવાનું સમજાવીને ધર્મથી પુષ્ટ કરે. પોતે બધા ધર્મોનો સાર ગ્રહણ કરીને પોતાના ધર્મની

ઉપાસના કરે, એટલે કે પોતાના ધર્મમાં ખૂટતાં તત્ત્વોને બીજા ધર્મોમાંથી સુતત્ત્વો તારવીને ઉમેરે અને આ રીતે પોતાના ધર્મનું તેજ વધારીને તેની ઉપાસના કરે.

## ધર્મનીતિસંગમ

**આચારે ધર્મ ઉતારે, સામુદાયિક નીતિથી,**
**ધર્મને નીતિની પાંખે, આપે ગતિ સમાજને. ॥૫॥**

**ભાવાર્થ :** સમાજના જીવનમાં શુદ્ધ ધર્મને સામુદાયિક નીતિથી-સંગઠિત નૈતિક વ્યવહાર સચવાવીને આચરણમાં ઉતારે અને આ રીતે ધર્મ અને નીતિની બે પાંખોથી સમાજને આધ્યાત્મિક ગગનમાં ઊડવા ગતિ પ્રદાન કરે. કારણ કે જો આ બે પાંખો (ધર્મ અને નીતિની) તૂટેલી હશે તો સમાજરૂપી પંખી આધ્યાત્મિક આકાશમાં ઊડી જ નહિ શકે. તે ત્યાં જ રૂઢિઓના કાદવમાં ફસાઈ જશે, અગર તો ધર્મના નામે ચાલતા પાખંડો (ચમત્કારો, વહેમો, અંધવિશ્વાસો. દંભો, હિંસાકાંડો વગેરેના ખાડામાં પડી જશે.

## અનુબંધ-પ્રેરણા

**સેવક સંઘને જોડે, મૂલ્ય ક્રાંતિપ્રયોગમાં;**
**વ્યક્તિ સમાજ ને તંત્રે; ધર્માનુબંધ સાધવા. ॥૬॥**

**ભાવાર્થ :** એવી જ રીતે તે સંત, પોતાના ધર્મક્રાન્તિના અને સાચાં નવાં મૂલ્યો સ્થાપવાના પ્રયોગમાં, અગર તો અનુબંધ પ્રયોગમાં અથવા સમગ્ર સમાજમાં ધર્માચરણ કરાવવામાં હાથપગ રૂપે સહાયક એવા જનસેવકોના સંઘને સાથે જોડે, એટલે કે વાત્સલ્યાનુબંધથી પોતાની સાથે લે, જેથી તે પોતાના વ્યક્તિગત જીવનમાં અથવા વ્યક્તિમાં, સમાજમાં અને સ્વરાજ્ય સંસ્થાના તંત્રમાં ધર્માનુબંધ સાધી શકે; એટલે કે, તે એ ત્રણેને ધર્મને

અનુબંધિત કરી શકે. જો તે પોતાની સાથે સેવક સંઘને નહિ જોડે તો પેલા ત્રણેયને ધર્મને અનુબંધિત કરી શકશે નહિ, તે ત્રણેય નિરંકુશ થઈને પરસ્પર બાઝશે, અથડાશે અગર તો અધર્મ આચરશે.

## સામુદાયિક સાધના

વિસ્તારે વિશ્વવાત્સલ્ય, શુદ્ધ નૈષ્ઠિક નીતિથી;
સુગ્રામ, રાષ્ટ્ર ને વિશ્વે, સામુદાયિક સાધને. ।।૭।।

**ભાવાર્થ :** સંત પ્રાણીમાત્રનાં મા-બાપ કહેવાય છે. એટલે તેનું ધ્યેય વિશ્વવાત્સલ્ય છે. આ વિશ્વવાત્સલ્યને વિસ્તારવા માટે તે ગામ, નગર, રાષ્ટ્ર અને વિશ્વને સામુદાયિક રીતે (સંગઠનબદ્ધ કરીને) શુદ્ધ ધર્મની નૈષ્ઠિક નીતિથી સાંધે. આ રીતે બધાંનાં સંગઠનોને અનુબદ્ધ કરવાથી જ વિશ્વવાત્સલ્ય ધ્યેયને સંત સહજ ભાવે સિદ્ધ કરી શકશે.

## મૂલ્યરક્ષા

નૈતિક મંડળો દ્વારા, વ્યાપ્ત નૈતિક મૂલ્યને;
પ્રતિષ્ઠા પ્રાણ હોમીને, પોષે અધ્યાત્મમાં રહી. ।।૮।।

**ભાવાર્થ :** આ બધું (સંગઠનોને અનુબંધિત) કરવા છતાં જ્યારે નૈતિક બુનિયાદને આધારે સંગઠિત થયેલાં મંડળો દ્વારા સમાજમાં વ્યાપ્ત નૈતિક મૂલ્યો ખોવાતાં હોય, કોઈ તેમનાં નૈતિક મૂલ્યો ઉપર તરાપ મારતું હોય, તેવે વખતે મા જેમ બાળકના પ્રાણની રક્ષા કરવા માટે પોતાનાં પ્રાણ, પ્રતિષ્ઠા અને ધનસંપત્તિ બધું જ હોમી દે છે, તેમ સમાજના પ્રાણસમાં નૈતિક મૂલ્યોની રક્ષા માતાની પેઠે સંત પોતાનાં પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહ બધું જ હોમી દે અને પોતે અધ્યાત્મ તત્ત્વ જાળવીને આવાં મંડળોને પોષે.

४

# શ્રાવક–સેવક સંઘ

## વંદના

સમ્યગ્દર્શી, સદાચારી, સમયજ્ઞ પ્રમાણિક;
સુવ્રતયુક્ત સંનિષ્ઠ, નમું શ્રાવક સેવક. ॥૧॥

**ભાવાર્થ :** હવે અનુબંધ યોગમાં સંતના સહયોગી શ્રમણોપાસક, શ્રાવક અથવા જનસેવકનાં લક્ષણો કહે છે—જે સમ્યગ્દૃષ્ટિ હોય એટલે કે જેની દૃષ્ટિ આત્મલક્ષી, વ્યાપક, સર્વાંગી, સર્વક્ષેત્રસ્પર્શી હોય, જે સદાચારી હોય, જેના સદાચાર વિશે કોઈને શંકા નહિ હોય અને જેની પાસે મહિલાઓ પણ વગર સંકોચ આવી શકે એવી જેના સદાચારની ખાતરી હોય, તેમ જ જે સમયનાં એંધાણ પરખનાર હોય, જે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો જાણકાર હોય, વળી જે પ્રામાણિક હોય એટલે કે સંસ્થા કે સમાજના કામમાં જે એક પણ પાઈની બેઈમાની નહિ કરતો હોય, હિસાબ ચોખ્ખો અને સ્પષ્ટ રાખતો હોય, જે વ્રતધારી એટલે કે વિશ્વવાત્સલ્યનાં જે ૧૨ વ્રતો તેને માટે નક્કી કરવામાં આવ્યાં છે, તે પૈકી મૂળ વ્રતો વિશ્વવાત્સલ્ય, માલિકી હકમર્યાદા, સત્યશ્રદ્ધા, બ્રહ્મચર્યલક્ષી સંયમ એ ચારે તો પૂર્ણ રીતે પાળતો હોય, તેમ જ એ વ્રતોની રક્ષા માટે જે વ્યવસાયમર્યાદા, ખાનપાન શયન વિવેક, નિંદાશ્લાઘાપરિહાર, સર્વધર્મ-ઉપાસના, વિભૂષાત્યાગ, વ્યસનજય, ક્ષમાપના અને રાત્રિભોજન ત્યાગ એમ (બારવ્રતો છે, તેમને પાળવાનો પૂરેપૂરો પ્રયત્ન કરતો હોય, તેમ જ જેમાં

સમાજ અને રાષ્ટ્રની સેવાની સાચી લાગણી અને ધગશ હોય, એવા શ્રાવક (શ્રમણોપાસક) અગર તો જનસેવકના સંઘને હું નમું છું.

અહીં પ્રશ્ન થશે કે જનસેવકો કે શ્રાવકો તો સંત કરતાં નીચી શ્રેણીના છે તેમને નમસ્કાર કેમ થઈ શકે ? એના ઉત્તરમાં જૈન દૃષ્ટિએ કહું તો એ જ છે કે તીર્થંકરો પોતે ચતુર્વિધ તીર્થ (સંઘ) સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ ધર્મમય સંગઠનને 'નમો તિત્થસ્થ' કહીને નમે છે કારણ પોતાના કરતાં તીર્થ અનેક ભવ્ય લોકોનો તારણહાર છે અને પોતાનો સર્વાંગીણ ગુણવિકાસ પણ તીર્થને લીધે થયેલ છે. માટે જ તે સંઘ (તીર્થ)ને નમસ્કાર કરે છે. એવી રીતે અહીં પણ જનસેવકોનો સંઘ પણ ધર્મમય સમાજરચવામાં ધર્મને સમગ્ર સમાજ અને રાષ્ટ્રના જીવનમાં અચરાવવામાં પ્રત્યક્ષ સહાયક છે અને પોતે ધર્માચરણવ્રતોથી બદ્ધ છે, માટે એવા સેવકસંઘને નમસ્કાર યોગ્ય જ ગણાય.

**સત્યે સંતે વ્રતે લોકે, વિશ્વવાત્સલ્યમાં વળી;**
**અધ્યાત્મ નિષ્ઠ આચારી, નમું (શ્રાવક) સેવકસંઘને. ॥૨॥**

**ભાવાર્થ :** વળી જે સેવકસંઘ પોતે પોતાની મર્યાદામાં સત્ય, સંત, વ્રત અને લોકસંગઠન તથા વિશ્વવાત્સલ્ય (વ્રતરૂપી અંગો સહિત)માં અધ્યાત્મની દૃષ્ટિએ વિચારપૂર્વક નિષ્ઠાવાન છે, અને ધર્મના આચરણમાં પણ તત્પર છે, એવા લોકસેવક સંઘને મારા નમસ્કાર હો.

**સંત સમાજ દેખાડે (યોજે જે), પ્રેરે સેવકસંઘ જે (તે)**
**રચે વાત્સલ્ય ભાવેથી, ધર્મમય સમાજને. ॥૧॥**

**ભાવાર્થ :** ક્રાન્તિપ્રિય સંત પહેલાં પોતાના આધ્યાત્મિક પ્રભાવને લીધે સમાજને (જનતા અને રાજ્યકર્તા વર્ગને) સંગઠિત

કરી ધર્માનુબંધથી જોડે છે અથવા સમાજને આધ્યાત્મિક માર્ગદર્શન આપે છે, પણ તેને નૈતિક પ્રેરણા આપે છે જનસેવકસંઘ જ. ખરું જોતાં સંત પરોક્ષ રીતે સમાજને ઘડે છે, જ્યારે સેવક પ્રત્યક્ષ રીતે ઘડે છે. સમાજને વાત્સલ્યભાવથી પ્રેરાઈને સેવક ધર્મ દૃષ્ટિએ સમાજને રચે છે, તે સમાજનો પ્રત્યક્ષ ધર્મસંસ્કર્તા છે; એમ કહીએ તો ખોટું નથી. જે જનસેવક સમાજની માતા બનીને તેને વાત્સલ્યભાવે ઘડે છે, એટલા માટે જ તે રચનાત્મક કાર્યકર્તા પણ કહેવાય છે.

## સેવા

કરુણા સખ્ય પોષીને, સેવકસંઘ લોકને;
સંકટે શોષણે કાળે, સેવે વત્સલ મા-સમો. ॥૨॥

**ભાવાર્થ :** સેવકસંઘમાં માની જેમ વાત્સલ્ય, કરુણા અને મૈત્રી ભારોભાર હોય છે. જ્યારે જનસંગઠન અને રાજ્યસંગઠન ઉપર આફત આવી પડે છે, દુષ્કાળના ઓળા ઊતરે છે, શોષણની ચક્કીમાં તે દબાય છે ત્યારે સમાજવત્સલ સેવકસંઘ કરુણા અને મૈત્રીભાવથી સમાજની રક્ષા કરે છે અને પોષણ આપે છે અને માની જેમ સેવા કરે છે.

## શુશ્રૂષા

ઔષધાલય સ્થાપીને, અર્પે નિર્વ્યાજ સ્નેહ જે;
પામે વ્યાકુળ રોગી ત્યાં, શુશ્રૂષા, શાંતિ સાન્ત્વન. ॥૩॥

**ભાવાર્થ :** એવો માતૃસમાજ જનસેવક સંઘ રોગીઓ જોઈને તેમના સેવા-શુશ્રૂષા અર્થે ઔષધાલય સ્થાપીને નિર્મળ સ્નેહ અર્પે છે; તેથી ઔષધાલયમાં રોગીને ઉપચારની સાથે શુશ્રૂષા, શાંતિ અને સાંત્વના મળે છે.

## શિક્ષણ-સંસ્કાર

આપે શિક્ષણ સંસ્કાર, માની જેમ પ્રમોદથી;
લોકશિક્ષણ સંસ્થાથી, શીલસદ્‌ગુણને ઘડે. ॥૪॥

**ભાવાર્થ :** માતાની જેમ લોકસેવક બહુ જ હેતથી શિક્ષણ અને સંસ્કાર આપે છે. એવી જ રીતે લોકશિક્ષણ સંસ્થા સ્થાપીને જનતામાં શીલ અને સદ્‌ગુણને વિકસાવે છે. આ રીતે લોકસેવક સમાજનો સંસ્કર્તા છે.

## સુરક્ષા

મધ્યસ્થ મા-સમો પોષે, હિતો શોષિત દીનનાં;
રક્ષે વિશિષ્ટ મૂલ્યોને, શુદ્ધિ શાંતિ દળો વતી. ॥૫॥

**ભાવાર્થ :** માની જેમ જનસેવક ઝઘડતા બે જણ વચ્ચે મધ્યસ્થી થઈને સાચો ન્યાય પક્ષપાત વગર આપે છે, તેમ જ શોષિત, પીડિત, પદદલિત દીનોનો હિતૈષી બનીને તેમના વતી મધ્યસ્થભાવે પેરવી કરીને તેમનાં હિતોને પોષે છે. વળી જનતાના સઘળા પ્રશ્નો, ગૂંચવાયેલા કોયડાઓ અને મૂંઝવતી સમસ્યાઓને મધ્યસ્થ નિર્ણય અથવા છેવટે શુદ્ધિપ્રયોગ વડે અહિંસક ઢબે ઉકેલે છે, શાંતિસૈનિક દળ અથવા રક્ષક દળો વતી તોફાનો, હુલ્લડો અને ચોરી વગેરેના સંકટ સમયે રક્ષા કરે છે. આ રીતે ધર્મનાં સાચાં મૂલ્યોની જનસેવક સુરક્ષા કરે છે.

## સમરૂપતા–સમતા

વેદે આત્મીયતા સૌમાં, માતાની જેમ ગામડાં;
વિવિધ યોજના દ્વારા, સમતા સામ્ય આચરે. ॥૬॥

**ભાવાર્થ :** લોકસેવક માતાની જેમ સૌમાં આત્મીયતાનું સંવેદન કરે છે. તેને સમાજમાં કોઈ પારકાં લાગતાં નથી. પરંતુ જેમ માતા પોતાના દુર્બળ બાળક પ્રતિ વિશેષ ધ્યાન આપીને તેને વિકસાવવાનો પ્રયત્ન પ્રથમ અને વધુ કરે છે તેમ સેવક ગામડાંને

આજ સુધી દુર્બળ અને શોષિત, પીડિત અને પછાત રહેલાં સમજીને વિવિધ યોજનાઓ દ્વારા પોષે છે, વિકસાવે છે અને આ રીતે ગામડાંના બધા વર્ગો પ્રતિ સમતા રાખીને પોતે સામ્યભાવને આચરી બતાવે છે.

## સ્વાશ્રયિતા

શ્રમિક ગોપ ખેડુના, ગ્રામમંડળ માતૃશા;
સંવર્ધે પુષ્ટિ, નૈપુણ્ય, સ્વાવલંબન સાતથી. ॥૭॥

**ભાવાર્થ:** માતા જેમ પોતાનાં બધાં બાળકોને પાળે–પોષે છે, ઉછેરે છે એવી જ રીતે સેવક પણ માની જેમ શ્રમિકો, ગોપાલકો અને કૃષકો આ ત્રણેય વર્ગોનાં ગ્રામમંડળોને અન્ન, વસ્ત્ર, મકાન, શિક્ષણ-સંસ્કાર, આરોગ્ય, ન્યાય અને સુરક્ષા આ સાતેયમાં સ્વાવલંબન અને નૈપુણ્ય સધાવીને સંવર્ધન કરે છે, સુપુષ્ટ બનાવે છે.

## શુચિતા-સ્વસ્થતા

હરી અશુચિતા જેમ સ્વસ્થ કરે સ્વ-બાલને;
કરી સુપક્ષની શુદ્ધિ, સ્વાસ્થ્ય દે સર્વ(લોક) તંત્રને. ॥૮॥

**ભાવાર્થ:** માતા જેમ અશુચિમાં ખરડાયેલા બાળકની તરત અશુદ્ધિ–અશુચિ દૂર કરીને તેને સ્વસ્થ બનાવે છે, તેમ જ સમાજની માતાસમા લોકસેવક જનતાનાં મંડળો અથવા રાજનૈતિક સુપક્ષમાં કોઈ પણ જાતની અશુદ્ધિ પેસી જાય તો તરત જ અહિંસક ઉપાયો વડે તેની શુદ્ધિ કરે છે અને સ્વસ્થ બનાવે છે. સ્વરાજ્ય સંસ્થાને આ રીતે શુદ્ધ રાખીને **લોકતંત્રને સ્વસ્થ બનાવે છે.** કારણ કે આ સ્વરાજ્ય સંસ્થા આજે ભલે માત્ર ભારતનો રાજકીય પક્ષ ગણાતો હોય પરંતુ અંતે તો વિશ્વભરનાં રાજકીય ક્ષેત્ર પરનો જ તે પંચશીલધારી સુસંસ્થા બનવાની છે. બિનસાંપ્રદાયિકતા, બિનઆક્રમકતા, સક્રિય તટસ્થતા, લોકશાહી અને સમાજ દ્વારા સમાજવ્યવસ્થા તથા સર્વધર્મ પ્રત્યે પૂજ્યભાવ રાખનારી આ વિશ્વની રાજ્યસંસ્થા થવાની છે.

૫

# નૈતિક મંડળો

## વંદન

જગતાત બની ખેડુ પોષે સૌ વર્ણ વર્ગને,
(ખેડુ ટ્રસ્ટી બનીને જ્યાં પોષે સૌ વર્ણ વર્ગને,)
વિશ્વે નૈતિક સુમેળ સાધે તે ગામને નમું. ॥૧॥

**ભાવાર્થ :** હવે અનુબંધયોગમાં પ્રેરણાપાત્ર ગામડું–મંડળ ગ્રામસંગઠન અથવા ગામનાં મુખ્ય અંગ કિસાનોનું મંડળ કેવું હોવું જોઈએ તે બતાવે છે. જે ગામના ખેડૂતો પોતે ટ્રસ્ટી બનીને ગામમાં વસતા બધા વર્ણો અને વર્ગોના લોકોને પોષે છે, નૈતિક દૃષ્ટિએ આખા વિશ્વની સાથે સુમેળ સાધે છે, એટલે કે સમગ્ર વિશ્વની સાથે અનુબંધ જોડે છે, તેવા સંગઠિત ગામને હું નમું છું.

## સાધ્ય-વિચાર

સઘન ગ્રામ-ઉદ્યોગો, કે સર્વોદય યોજના;
સાધનો માત્ર છે, સાધ્ય વિશ્વવત્સલ ગામડું. ॥૧॥

**ભાવાર્થ :** સઘન ક્ષેત્ર–યોજના, ખાદી ગ્રામોદ્યોગ યોજના, અથવા સર્વોદય યોજના – એ બધાં માત્ર સાધનો છે. એટલે આવાં સંગઠિત ગ્રામોએ એના પ્રલોભનમાં તણાઈને પોતાના સાધ્ય–વિશ્વ-વાત્સલ્ય અથવા વિશ્વકેન્દ્રત્વને નહિ ભૂલવું જોઈએ. એ બધાં સાધનો તો માત્ર ભૌતિક વિકાસ માટે છે, આધ્યાત્મિક વિકાસ તો ગામડાં જ્યારે નીતિનિષ્ઠાથી આગળ વધીને ધર્મનિષ્ઠા અને છેવટે અધ્યા-

ત્મનિષ્ઠ બનીને આખા વિશ્વની સાથે આત્મીયતા-વત્સલતાને અપનાવશે, ત્યારે જ થશે; અને ત્યારે ગામડું વિશ્વને પ્રેરણા આપનારું કેન્દ્રસ્થળ બનશે.

## સહકાર

શ્રમિક ગોપ ખેડુનાં, નૈતિક ગ્રામમંડળો;
પોષે, રક્ષે પછાતોને, સહકારી ટ્રસ્ટીપણે. ॥૨॥

**ભાવાર્થ :** ત્યારે ગામના શ્રમજીવીઓ, ગોપાલકો અને ખેડૂતોનાં નૈતિક ગ્રામમંડળો પોતપોતાની મર્યાદામાં રહી પોતે સહકારી અને ટ્રસ્ટી થઈને પોષશે અને રક્ષશે અથવા સહકારી મંડળી અને ટ્રસ્ટીશિપની દૃષ્ટિ વડે ગ્રામના પછાતોને પોષશે અને રક્ષશે.

## સહયોગ

સમતા ન્યાયથી સૌ જ્યાં, યોજે નૈતિક જીવિકા;
સંપત્તિ, શ્રમ ને સેવા, અર્પે સૌ સહયોગમાં. ॥૩॥

**ભાવાર્થ :** જ્યાં સૌ ગ્રામજનો પોતાની રોટી-રોજી સમતા અને ન્યાયથી મેળવે છે, બીજાનો રોટલો કોઈ ઝૂંટવી લેતું નથી અને પોતાની જેમ બીજાને પણ રોજી મળે, એવી સંભાવના (સહ-અસ્તિત્વની ભાવના) સેવે છે. અને પોતાની સંપતિ, શ્રમ અને સેવા સહયોગયજ્ઞમાં – સહકારમાં – અર્પે છે.

## સ્વાવલંબન

અન્ને વસ્ત્રે ઘરે ન્યાયે, રક્ષા-શિક્ષણ-ઔષધેઃ
સ્વાવલંબન સાતેય સાધે તે સહચિંતને. ॥૪॥

**ભાવાર્થ :** તે ગ્રામસંગઠન અન્ન, વસ્ત્ર, મકાન, ન્યાય, સુરક્ષા, આરોગ્ય અને ઔષધ—એ સાતેયમાં સહકારના ચિંતનથી સ્વાવલંબન સાધે છે.

## શોષણમુક્તિ

સુયોજી વાજબી ભાવ, જે રક્ષે હિત સર્વનાં;
લવાદી ન્યાય સન્માની, વર્ગમેળ ઊભો કરે. ॥૫॥

**ભાવાર્થ :** જે ગ્રામમંડળો પોતાની રોજિંદી જરૂરની ચીજના વાજબી ભાવો પોતે નક્કી કરીને જે સર્વનાં હિતોને રક્ષે છે, તેમ જ ઝગડા વગેરે પ્રસંગે લવાદી (મધ્યસ્થો) દ્વારા આપેલ ન્યાયને શિરોધાર્ય કરીને વર્ગસંઘર્ષ જેવા હિંસાત્મક ઉપાયોને બદલે વર્ગમેળ (વર્ગસમન્વય) ઊભો કરે છે—જેથી કોઈનું શોષણ થતું નથી.

## સ્વાતંત્ર્ય

રક્ષે સ્વાતંત્ર્ય ગ્રામોનું, સૌ રાજકીયપક્ષથી;
નૈતિક ગ્રામ-નેતૃત્વે, સર્વ (ગ્રામ) પંચાયતો ભરે. ॥૬॥

**ભાવાર્થ :** રાજ્યશક્તિને વધારે પડતો આશ્રય લેવાને બદલે સૌ સંગઠિત ગ્રામજનો નૈતિક ગ્રામમંડળના નેતૃત્વમાં સ્વતંત્ર લોકશક્તિ ઊભી કરી, રાજ્યશક્તિ પર પ્રભાવ પાડે તેવું ગ્રામ-સ્વાતંત્ર્ય સિદ્ધ કરવા, અને રક્ષવા સર્વે ગ્રામપંચાયતો એવાં નૈતિક ગ્રામમંડળોના પ્રતિનિધિઓથી ભરી દે.

## સંવાદિતા

સુગ્રામ, રાષ્ટ્ર ને વિશ્વ ગ્રામસંગઠનો થકી,
જોડાતાં પ્રેમવિશ્વાસે સંવાદિત સુનીતિથી. ॥૭॥

**ભાવાર્થ :** બીજાં એવાં સારાં ગ્રામો, રાષ્ટ્રો અને વિશ્વ ગ્રામ સંગઠનોની સાથે પ્રેમ (વાત્સલ્ય) અને વિશ્વાસને આધારે સુનીતિથી જોડાતાં પોતે પણ સંવાદિત (ધર્મદૃષ્ટિએ સંગત) બની જાય છે.

### શાસનશુદ્ધિ

સુપક્ષે સંસદે નેતા, ગ્રામકોંગ્રેસ (ફોરમ) મોકલે;
મતે પુષ્ટ, તપે શુદ્ધ, લોકશાસન વિસ્તરે. ॥૮॥

**ભાવાર્થ :** જ્યારે ગ્રામસંગઠનો સુપક્ષે (કોંગ્રેસ સંગઠનમાં) અને કોંગ્રેસી સિદ્ધાંતવાળાં નૈતિક ગ્રામસંગઠન તેમની ગ્રામકોંગ્રેસ દ્વારા સંસદમાં અને ધારાસભામાં નૈતિક પ્રતિનિધિઓ મોકલે છે, ત્યારે એક બાજુ મતોથી તપ અને બીજી બાજુ તપ દ્વારા છળ ભ્રષ્ટાચારથી શુદ્ધ થયેલ લોકશાસન વિસ્તરે છે.

૬

# શાસન શોધન

### વંદના

નીતિ સુધર્મ અધ્યાત્મે, વિવેકે અનુશાસિત;
સત્તા શોષણથી મુક્ત, નમું તત્ત્વજ્ઞ શાસન.

**ભાવાર્થ :** જે શાસન નીતિ, ધર્મ અધ્યાત્મના વિવેકથી અનુશાસિત છે અને સત્તા તેમ જ શોષણની લાલસાથી મુક્ત છે, તે તત્ત્વજ્ઞ સુશાસનને નમું છું.

### ધર્મગ્લાનિ

ચાલે બળે છળે ભેદે, સામ્રાજ્યો કૂટનીતિએ;
હિંસા, અસત્ય, વિદ્રોહ, ફેલાવે લોકને વિષે. ॥૧॥

**ભાવાર્થ :** કોઈપણ ચાલથી, બળ કે છળથી અથવા ભેદ કૂટનીતિએ સામ્રાજ્ય ચલાવે છે, તેના રાજ્યમાં હિંસા, અસત્ય

અને વિદ્રોહ જનતામાં ફેલાય છે એટલે કે જ્યાં કુશાસન હશે ત્યાં હિંસા વગેરે ફાટી નીકળશે.

## ધર્મક્રાન્તિ

ગાંધી-શો સંત-શે સાંખે ? આત્મઘાતી અનિષ્ટને,
જગાવે લોકમાં ક્રાંતિ સત્યાગ્રહે સુધાર્મિક. ॥૨॥

**ભાવાર્થ :** આવા કુશાસનના આત્મઘાતક અનિષ્ટને પાંગરતું ગાંધી જેવા મહાત્મા કેમ સાંખી શકે ? મહાત્મા ગાંધીજીએ લોકોમાં એક ધર્મક્રાન્તિ જગાડી, સત્યાગ્રહને લીધે તે ક્રાંતિ ધાર્મિક ક્રાંતિ થઈ ગઈ.

## ધર્મસંવર્ધન

અહિંસા, સત્ય, સંનિષ્ઠા, દેશ–દાઝ સમાનતા;
સાધ્ય-સાધનસંશુદ્ધિ; કેળવે અભયે સદા. ॥૩॥

**ભાવર્થ :** એવાં ગ્રામમંડળો અહિંસા, સત્ય, સાચી નિષ્ઠા, દેશભક્તિ–દાઝ, સમાનતા અને સાધ્ય–સાધન શુદ્ધિ એવા ગુણોને નિર્ભયતાની સાથે કેળવે છે.

## ધર્મયુદ્ધ

ઘડે કોંગ્રેસને સંત, કાનૂને શાંતનીતિએ;
ને વિશ્વે લોકશાહીના ધ્યેયે લડે મહાસભા. ॥૪॥

**ભાવાર્થ :** આવી સ્વરાજ–સાધક સંસ્થા રાષ્ટ્રીય મહાસભાને સંતો કાનૂન અને શાન્ત નીતિથી ઘડે છે અને મતોથી નિશ્ચિંત બનેલી રાષ્ટ્રીય મહાસભા લોકતંત્રના ધ્યેયે વિશ્વે લડે છે.

## લોકરાજ્ય

સાધી સ્વરાજ્યની સિદ્ધિ, ભરે સમાજવાદથી;
લોકશાહી જગે વિશ્વે, તત્ત્વ-સાતત્ય રાખીને. ॥૫॥

**ભાવાર્થ :** લોકશાસન સ્થાપવા માટે સ્વરાજ્યની સાચી સિદ્ધિ મેળવીને પ્રજા કોંગ્રેસને સાચા સમાજવાદથી ભરે તે દ્વારા આખા વિશ્વમાં લોકશાહી સમાજવાદી તત્ત્વો જાગૃત થઈ જાય, પણ તે થાય પોતાની સંસ્કૃતિનાં આધ્યાત્મિક તત્ત્વો જાળવીને જ.

## સુપક્ષશોધન

કોંગ્રેસને સમથી સમર્થે ગુણપુષ્ટિને;
નાથે શાસનસત્તાને, સુપક્ષ-સત્ત્વશુદ્ધિથી. ॥૬॥

**ભાવાર્થ :** સુપક્ષશુદ્ધિને માટે કોંગ્રેસને એક બાજુ તેનામાં સિદ્ધાંતના ગુણો પુષ્ટ કરવા માટે સમર્થન આપે; પણ બીજી બાજુથી તેની શાસનસત્તાને (સામાજિક આર્થિક ક્ષેત્રે જનસંગઠન અને સાંસ્કૃતિક શૈક્ષણિક ક્ષેત્રે જનસેવકસંગઠનની સ્વતંત્રનીતિ દ્વારા) લોકલક્ષી બનાવે અને શાસન–સત્તા પર કાપ મૂકીને સરકાર અને સુપક્ષને નાથે.

## લોકનીતિ

સુપક્ષને ઘડે શોધે લોકોને લોકનીતિ જે;
સંયોજે લોક ચૂંટેલા, ગ્રામનૈતિક મંડળો. ॥૭॥

**ભાવાર્થ :** નૈતિક ગ્રામમંડળો લોકોમાં જનશક્તિ ઊભી કરીને રાજનીતિને બદલે લોકો દ્વારા ચૂંટેલા મંડળના પ્રતિનિધિઓને મોકલીને લોકનીતિ ઊભી કરે, લોકોને અને સુપક્ષને સંયોજીને બંનેને અનુબંધિત કરીને, બંનેને ઘડે અને શુદ્ધ કરે.

## તત્ત્વદૃષ્ટિ

નૈતિક મંડળો તત્ત્વે, અનુસરે જ સંઘને;
ધર્માનુબંધ યોજે જે, પ્રેરિત ક્રાંતસંતથી. ॥૮॥

**ભાવાર્થ :** આ રીતે નૈતિક મંડળો અને આ લોકશાસન તંત્ર બંને તત્ત્વતઃ આ એક જ જનસેવક સંઘને અનુસરે; જે સેવકસંઘ ક્રાંતિપ્રિય સંતથી પ્રેરિત થઈને બધાને ધર્માનુબંધથી જોડે છે.

# માતૃસમાજ

## વંદના

સમ્યગ્દૃષ્ટિ ભરી સીંચે, વાત્સલ્ય રગે-રગે:
વિસ્તારે વિશ્વપર્યન્ત (જે) નમું માતૃસમાજને.

**ભાવાર્થ :** વિશ્વવાત્સલ્યની દૃષ્ટિએ અનુબંધયોગમાં માતાઓનો સમાજ બહુ જ ઉપયોગી થઈ શકે. કારણ કે માતૃજાતિનું હૃદય વધારે વિકસિત હોઈ તેમાંથી વાત્સલ્યની ઊર્મિઓ સહેજે ઊછળે છે; તે તો કોઈ ને કોઈ વાત્સલ્યપાત્રની પ્રતીક્ષા કરતી જ હોય છે. પણ તે તેવા માતૃસમાજનાં લક્ષણો કયાં કયાં છે તે પહેલાં બતાવે છે. માતાઓ પૈકીની એવી મહિલાઓ જેની દૃષ્ટિમાં ઘર અને કુટુંબ સુધી વાત્સલ્ય સીમિત છે, તેવી દૃષ્ટિ વાત્સલ્યને બદલે મોહ અને આસક્તિ ભરી પણ હોઈ શકે; એટલે તેવી સાંકડી દૃષ્ટિ છોડીને સમ્યગ્દૃષ્ટિ કે જેમાં એક જ આત્મા નહિ, પણ સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ અને તેથી પણ આગળ વધીને પ્રાણીમાત્ર (સમષ્ટિ) સુધીના આત્માઓ સમાઈ જાય છે, તેવી સમ્યગ્દૃષ્ટિ ભરીને જે વાત્સલ્ય તેની રગે રગે ભરેલું છે, તેને અનુક્રમે સીંચે છે અને ઠેઠ વિશ્વ સુધી તેને વિસ્તારે છે, એવા માતૃસમાજને નમું છું.

## સંસ્કૃતિ ઘડતર

સત્કાર્યો દાન-પુણ્યોને સમુદાયે સમાચરે;
ઘડે સંસ્કૃતિ સંસ્કારે માતૃસમાજ કીર્તિદા. ॥૧॥

**ભાવાર્થ :** એવો માતૃસમાજ પોતાની વાત્સલ્ય–ગંગાને ઘરથી માંડીને વિશ્વ લગી શી રીતે પહોંચાડે છે તે બતાવે છે. તે

સમાજમાં વાત્સલ્યપાત્રોને વીણી વીણીને તેમને વ્યક્તિશઃ થોડુંક પૈસા, સાધન વગેરેનું દાન નથી આપતો, પરંતુ સામૂહિક રીતે સંસ્થા દ્વારા બધાં વાત્સલ્યપાત્રોને એવાં સમાજોપયોગી સેવાનાં સત્કાર્યોમાં યોજીને તેની આખી જિંદગીની રોજી સ્વાભિમાનભેર મળી શકે તેવી બાંધી આપે છે. આ રીતે સંસ્થા દ્વારા જ દાન-પુણ્યોનાં કાર્યોને આચરીને તેની સાથે ધર્મના સુસંસ્કારો સીંચીને તેને ઘડે છે, સંસ્કૃતિને ઉજ્જ્વલ બનાવે છે. એવી કીર્તિદાયિની આ માતૃસમાજ સંસ્થા છે.

## કળાવિકાસ

ખીલવી સ્વાશ્રયે શક્તિ, આપી હુન્નર માનથી;
શોભાવે શીલ સૌન્દર્યે માતૃસમાજ નારને. ॥૨॥

**ભાવાર્થ :** વળી એ માતૃસમાજ સંસ્થા પોતાની નારી-જાતિને આમતેમ રખડતી અને પોતાના પેટ, પહેરણ અને પથારી માટે વલખાં મારતી જોઈને અથવા તો એવી કેટલીક નારીઓને નૈતિક અધઃપતનને રસ્તે જતી જોઈને તેને વાત્સલ્યભાવે સંસ્થામાં સ્વમાનભેર વિવિધ હુન્નરો–ગૃહોદ્યોગો આપીને તેની સ્વાશ્રયી શક્તિને ખીલવે છે, તે સાથે કળાને પણ વિકસાવે છે અને તેથી નારીઓનાં શીલ, સ્વાસ્થ્ય, સૌંદર્ય અગર તો આત્મસૌંદર્યને દિપાવે છે.

## વિદ્યાવિકાસ

કેળવે બ્રહ્મવિદ્યાએ વિજ્ઞાન-ગૃહકાર્યમાં;
સત્ય મૃદુ મિતાભ્યાસે માતૃસમાજ નારને. ॥૩॥

**ભાવાર્થ :** વળી માતૃસમાજ સંસ્થા, ગૃહઉદ્યોગ, ગ્રામોદ્યોગ અને ગૃહકાર્યના વિજ્ઞાનમાં નારીજાતિની શક્તિ ખીલવીને તેને આત્મવિજ્ઞાનમાં (બ્રહ્મવિદ્યામાં) પણ પ્રવૃત્ત કરે છે; એટલે કે તેને

પોતાના આત્માની શક્તિઓ વિકસાવવાની પ્રવૃત્તિમાં સત્યો અથવા સત્યનો મૃદુલ અને પરિચિત અભ્યાસ કરાવીને કેન્દ્રિત કરે છે; જેથી તેને એ બધાં કાર્યો રસપ્રદ લાગે અને આત્માનંદનો સાચો અનુભવ પામીને તે પોતાનું દુઃખ ભૂલી જાય.

## શ્રુતવિવેક

**શ્રુતવિવેક રાખીને, સાર સંચયને ગ્રહે;**

**અન્યોન્ય શીખવી સાતે વિસ્તરે શ્રુત જ્ઞાનને. ાા૪ાા**

**ભાવાર્થ :** તે માતૃસમાજ સંસ્થા બધા ધર્મોનાં શાસ્ત્રોમાંથી પોતાની વિવેકબુદ્ધિ રાખીને જે દ્વારા આત્મકલ્યાણની સાથે વિશ્વ-કલ્યાણ થાય એવો સારભૂત તેમનામાં જે જ્ઞાનસંચય છે, તેને ગ્રહણ કરે છે, અને વાત્સલ્યભાવે પરસ્પર એકબીજાને શીખવીને શાસ્ત્રજ્ઞાનને ફેલાવે છે અને જ્ઞાનનો આનંદ પામે છે અને પમાડે છે.

## તપવિવેક

**ધૈર્ય ને તપની શક્તિ યોજે અનિષ્ટ રોકવા;**

**સુન્યાય સ્થાપના માટે નારીસંઘો લડે-તપે. ાા૫ાા**

**ભાવાર્થ :** સમાજમાં જ્યાં અનિષ્ટો પાંગરતાં હોય, છડે-ચોક સામાન્ય માનવીય નીતિનો ભંગ થતો હોય ત્યાં અન્યાય-પીડિતોને ન્યાય અપાવવા, તેવાં અનિષ્ટોને રોકવા, પોતાનાં ધૈર્ય અને તપની શક્તિ લગાડે છે. અને આવી રીતે શુદ્ધ ન્યાય સમાજમાં પ્રતિષ્ઠિત કરવા માટે માતૃસમાજો પોતાની સામુદાયિક તપઃ શક્તિ વડે અન્યાયાદિ અનિષ્ટોની સામે ઝઝૂમે છે.

## અનુકંપાવિકાસ

**પીડે દમે સતાવે જ્યાં, નારી ને નર કે કુલ;**

**કરી સહાય છોડાવે માતૃસમાજ કષ્ટથી. ાા૬ાા**

**ભાવાર્થ :** જ્યાં કોઈ પણ નારીને તેના ઘરના લોકો અગર તો તેનો પતિ કે સમાજનાં ગુંડા તત્ત્વો પીડે, દબાવે, હેરાનપરેશાન

કરે, અગર તો શીલભ્રષ્ટ કરવા માટે બાધ્ય કરે અથવા તેને ગભરાવીને નૈતિકપતનને રસ્તે જવા લાચાર બનાવે ત્યાં માતૃ-સમાજ કરુણાભાવે એવી બહેનોને નૈતિક સહાય આપીને તેવા કષ્ટથી છોડાવે છે.

## ક્ષમાવિકાસ

અજ્ઞાને માર્ગ ભૂલેલી, ભ્રષ્ટ જે ભયલાલચે;
માતૃસમાજ નારીને કરે શુદ્ધ ક્ષમા થકી. ॥૭॥

**ભાવાર્થ :** જે બહેન અજ્ઞાનવશ પોતાના શીલમાર્ગને ભૂલી જઈને ઊલટે અનૈતિક રસ્તે ચડી ગઈ હોય અગર તો સમાજમાં પોતાનાં નિર્વાહ કે આશ્રય નહીં આપવાની બીકે અથવા પૈસા કે પદપ્રતિષ્ઠા અથવા તો મોજશોખની લાલચે ફસાઈ જઈને ભ્રષ્ટ થઈ ગઈ હોય, વેશ્યાવૃત્તિ જેવી અનિષ્ટ વૃત્તિને સમાજના ત્રાસથી બચવા અપનાવી લીધી હોય; તેવી બહેનને પણ તેના દોષો ભૂલોની ક્ષમા આપીને માતૃસમાજ તે નારીને શુદ્ધ કરે છે અને તેને નૈતિક રસ્તે લગાડીને સ્વાશ્રયા જીવિકા આપે છે.

## સેવા–વાત્સલ્ય વિસ્તરણ

નિર્વ્યાજ ગ્રામસેવાએ સેવિકાગણ મોકલી;
માતૃસમાજ રેલાવે વાત્સલ્ય ગામ-ગામમાં. ॥૮॥

**ભાવાર્થ :** એવી માતૃસમાજ સંસ્થા આર્થિક સંપન્નતા પામીને જ્યારે ગ્રામો ઉપર કોઈપણ જાતની દુકાળ, ભૂકંપ કે રેલ વગેરેની આફત આવી પડે, તેવે વખતે નિઃસ્પૃહ–ભાવે તન-મનધનથી પોતાની સેવા આપે છે, તેમ જ જનસેવિકાઓ વાત્સલ્ય વિચારથી ઘડી ઘડી તૈયાર કરીને ગ્રામસેવા માટે મોકલે છે. આ રીતે માતૃસમાજ ગામડે ગામડે અને ઝૂંપડે ઝૂંપડે પોતાની સેવા આપીને વાત્સલ્ય રેલાવે છે.

# અંત્યોદય સંસ્થા

## વંદના

શુદ્ધ નિષ્કામ સેવાથી, રેડી વાત્સલ્ય અંત્ય જે;
અભેદભાવને પોષે, નમું સંસ્થા સુવત્સલ.

**ભાવાર્થ :** વાત્સલ્યના સૌથી વધારે પાત્ર અંત્યજો છે, સર્વોદયનાં અગ્રપાત્રો પણ તે જ છે. તેમને હજુ સુધી પછાત અને અવિકસિત રાખવામાં આવ્યાં છે, વળી સમાજમાં તેમના પ્રત્યે હજુ સુધી આભડછેટ પ્રવર્તે છે. એટલે ક્રાંતિપ્રિય સંત વાત્સલ્યભાવે એવા અંત્યજનો ઉત્કર્ષ કરતી સંસ્થાની સ્થાપના કરીને વાત્સલ્ય રેડનારું કેન્દ્ર બનાવશે. તે કેન્દ્ર અંત્યજોની શુદ્ધિ નિષ્કામ સેવા કરીને તેમના ઉપર વાત્સલ્ય રેડશે અને અભેદ-ભાવને પોષશે, જે વિશ્વવાત્સલ્યનું મુખ્ય અંગ છે. એવા વાત્સલ્યના કેન્દ્ર સમી સંસ્થાઓ કે જે સંતોના માર્ગદર્શનવાળી પ્રાયોગિક સંઘથી સંચાલિત અને નિયમિત હોય છે તેના યથાર્થ સેવાકાર્યને અંજલિ આપવા અર્થે જ હું નમસ્કાર કરું છું.

## અસ્પૃશ્યતાનિવારણ

શૂદ્ર ભંગી ચમારોને આદિવાસી પછાતને;
સવર્ણે અપનાવીને ભૂંસે કલંક ધર્મનું. ॥૧॥

**ભાવાર્થ :** પ્રાયોગિક સંઘ પ્રેરિત શિક્ષણ કે સેવાસંસ્થા શૂદ્ર ગણાતા ભંગી, ચમાર, ખાટકી, આદિવાસી વગેરે પછાત

લોકોને પોતે અને સવર્ણો દ્વારા અપનાવીને તેમના સંસ્કારો શુદ્ધ કરીને ધર્મ ઉપર જે અસ્પૃશ્યતાનું કલંક છે તેને ભૂંસે છે.

## સેવા-સાન્નિધ્ય

મુક્ત સાન્નિધ્ય આપીને છૂટે સર્વ હળેમળે;
દુઃખે સાન્ત્વન આપીને, નિવારે દુઃખ સર્વનાં. ॥૨॥

**ભાવાર્થ :** વળી તે સેવાશિક્ષણ સંસ્થા તેવા શૂદ્ર ગણાતા લોકોને ખુલ્લા મને નિકટતા — સાન્નિધ્ય આપે છે, છૂટથી સૌને હળેમળે છે, તેમને દુઃખમાં આશ્વાસન આપે છે અને આ રીતે તેમનું માનસિક અને કાયિક દુઃખ નિવારે છે.

## મુક્તાધિકાર

શાસ્ત્ર મંદિર સંન્યાસે, મુક્તાધિકાર માણવા;
ઉપાસના, સભા મધ્યે સંસ્થા-સ્વમાન જાળવે. ॥૩॥

**ભાવાર્થ :** એ સંસ્થા અંત્યજોને શાસ્ત્ર વાંચવા-સાંભળવાનો મંદિરપ્રવેશનો, ઉપાસનાભક્તિનો, સંન્યાસ લેવાનો, વ્યાખ્યાન-સભામાં પ્રવેશ કરવાનો મુક્ત અધિકાર અપાવીને તેમનું સ્વાભિમાન જાળવે અને આનંદ માણવા દે.

## સંસ્કાર સિંચન

માંસ, દારૂ, દુરાચાર, નિષેધી શૂચિતા ભરે;
દ્યૂત વ્યસન છોડાવે, સૌમાં સંસ્કારિતા ભરે. ॥૪॥

**ભાવાર્થ :** તે અંત્યજોમાં સાંપ્રદાયિકતા કે કટ્ટરતા અગર તો વ્યક્તિપૂજા નહિ ભરીને અથવા તેમનું ધર્માન્તર—સંપ્રદાયાન્તર નહિ કરાવીને માત્ર તેમના જીવનમાં જે દારૂ, માંસ, વ્યભિચાર, જુગાર, શિકાર, ચોરી, લૂંટ, હત્યા વગેરે દુર્વ્યસનો અને મહા

બદીઓ છે તેમને છોડાવે અને તેમનામાં પવિત્રતા ભરે, આત્મ-વિશ્વાસ જગાડે અને આ રીતે શુદ્ધ ધર્મના સંસ્કારોથી સભર કરે.

## તેજસ્વી–વિદ્યાદાન

શ્રમે કુશલ વિદ્યાએ તેજસ્વી મન વત્સલ;
શિક્ષણ સમિતિ દ્વારા કરે સંસ્થા સુવત્સલ. ॥૫॥

**ભાવાર્થ :** વિશ્વવાત્સલ્યલક્ષી સંસ્થા અંત્યજ વર્ગને શિક્ષણ સંસ્થાના માધ્યમે શ્રમમાં કુશળ અને નિષ્ઠાવાન વિદ્યાએ તેજસ્વી અને તેમના મનને વાત્સલ્યપૂર્ણ બનાવે જેથી તેઓ બીજાની સાથે પણ વાત્સલ્યપૂર્ણ વ્યવહાર કરી શકે.

## વ્યવસાય–વિસ્તરણ

સંસ્થા સંઘ અંત્યજને યોજે સહકારી પ્રયાસમાં;
ગ્રામ કે અન્ય ક્ષેત્રોમાં ન્યાયી કમાઈ પામવા. ॥૬॥

**ભાવાર્થ :** વળી સંસ્થા કે સંઘ અંત્યજ વર્ગને ગ્રામ, કસ્બા કે અન્ય ક્ષેત્રોમાં અગર તો સહકારી પ્રવૃત્તિમાં નિયુક્ત કરે, જેથી તે ન્યાયપૂર્ણ આજીવિકા મેળવી શકે.

## પદ-પ્રતિષ્ઠા

ચકાસી ગણનેતૃત્વે, વિકસાવી ગુણે ગણે;
સંઘ પ્રેરે પદે સ્થાને, સત્યનિષ્ઠ વિનમ્રને. ॥૭॥

**ભાવાર્થ :** પ્રાયોગિક સંઘ અંત્યજ વર્ગમાં જે સત્યનિષ્ઠ વિનમ્ર ને કાર્યકુશળ હોય તેવાને અથવા ગણનેતૃત્વની કોઈનામાં ક્ષમતા હોય તો તેને બરાબર ચકાસીને, અને થોડાક ગુણ ઓછા હોય તો તેને ગણની અંદર જ રાખીને તાલીમ આપીને ગુણ-દૃષ્ટિએ વિકસાવીને યોગ્ય પદે અને યોગ્ય સ્થાને તેને નિયુક્ત કરે અથવા કાર્ય કરવા પ્રેરે.

## સાત્વિક સંગઠન

અંત્યજ આદિવાસીમા, અભય સત્ત્વ કેળવી;
જોડે સંઘ ચતુર્વર્ણે સંસ્થાઓ સ્થાપી તેમની. ॥૮॥

**ભાવાર્થ :** પ્રાયોગિક સંઘ આદિવાસી અને અંત્યજોમાં નિર્ભયતા અને પરાક્રમની શક્તિનો અભ્યાસ કરાવીને તેમની સંસ્થાઓ સ્થાપીને તેમને ચારે વર્ણોની સાથે અનુબંધિત કરી દે જેથી ભવિષ્યમાં કોઈપણ જાતના પૂર્વગ્રહો કે આભડછેટના કુસંસ્કારો સમાજમાં નહિ જાગે.

### ઉપસંહાર

અનુબંધાષ્ટક નિરીક્ષણ પછી સંતબાલજી મહારાજે એક વાત પર ધ્યાન દોર્યું હતું કે અહિંસક સમાજરચના કે ધર્મ-દૃષ્ટિએ સમાજરચનામાં પ્રયોગના પાયાનો એકમ ગામડું હશે અને તેનો વ્યાપ વિશ્વ સુધી વિશ્વવાત્સલ્ય માર્ગે વિશ્વસંતો સર્વ-ધર્મના માધ્યમે વ્યાપક કરશે તે સર્વે સ્પષ્ટ થાય તો કેવું સારું! એમાંથી જે પ્રશ્નોત્તરી થઈ તે ઉપસંહાર રૂપે અહીં આપવામાં આવી છે :

### અખિલ વિશ્વનું કેન્દ્ર ગામડું

**પ્રશ્ન :** અનુબંધ થશે કેમ ગ્રામ, નગર, રાષ્ટ્રનો
અખિલ વિશ્વનું કેન્દ્ર ગ્રામ કેમ બની શકે ?

**ઉત્તર :** જંબુદ્વીપે જમીનો જ્યાં ટૂંકી વસ્તી પ્રમાણમાં
માલિકી-હકમર્યાદા અનિવાર્ય ગણાય ત્યાં.
નીતિન્યાયે રળી ખાવા સંઘનિર્ણિત ભૂમિ જે,
કૃષિકારો ભલે રાખે બની વિશ્વસ્ત વિશ્વના. ૨
ગોસેવાયુક્ત ખેતી ને ગૃહ ગ્રામ-ઉદ્યોગમાં,
વ્યવસ્થાપન વિજ્ઞાન શોષણમુક્ત જીવિકા. ૩

ઝૂઝે પરિગ્રહો સામે સમતા સહકારથી,
ટ્રસ્ટી દીન-દુખિયાના ગાંધીમાર્ગ અનુસરી. ૪
વિવેકી સંયમી શૂરા સંતસેવકના ઘડ્યાં,
મંડળો ગ્રામ-પુરોનાં ઘડે સ્થાનિક તંત્રને. ૫
માતૃસમાજને સંઘ નારી મજૂર મંડળો,
અહિંસા સત્ય આદર્શે ઘડે નગર તંત્રને. ૬
ગ્રામ, નગરને રાષ્ટ્રે મુક્ત મતસ્વતંત્રતા,
લોકલક્ષી પ્રજાતંત્રે લોકશાહી વિકેંદ્રિત. ૭
વિશ્વ, રાષ્ટ્ર, પુર, ગ્રામ જો પૂરક પરસ્પરે,
સર્વધર્મ સભા દ્વારા પ્રેરે વિશ્વનું શાસન. ૮

ભાલનળકાંઠા પ્રયોગના નૈતિક સંગઠન દ્વારા ઘડાયેલાં ગામડાં ધર્મદૃષ્ટિએ ગુજરાતને, ગુજરાત ભારતને અને ભારત વિશ્વને ધર્મદૃષ્ટિએ સમાજરચના માટે પ્રેરી-દોરી શકે એ માટે ભારતના સર્વધર્મ સંતસેવકો સમુદ્યમ કરી સંકલિત થાય અને વિશ્વના સર્વધર્મના સાચા ને ક્રાંત પ્રતિનિધિ સભાના અનુશાસનની તળે અખિલ વિશ્વનો અહિંસક અનુબંધ રચાય જે યુનોને પણ પ્રેરી શકે કે ઘડી શકે.

ૐ શાંતિ....શાંતિ....શાંતિ